Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૨૯





## *.....ત્યારે સમ્યગ્દર્શન થયું *

પરમ આત્મતત્ત્વની અનુભૂતિમાં 'હું દ્રવ્ય છું કે હું પર્યાય છું'–એવા ભેદ રહેતા નથી, ત્યાં દ્વૈત નથી, વિકલ્પ નથી, પક્ષપાત નથી. પૂર્વે અનુભવના પ્રયત્નકાળમાં જે જે વિકલ્પો હતા, વ્યવહારે જેને સાધક કહેવાતા, તે જ અનુભવકાળે બાધક છે, એટલે સાક્ષાત્ અનુભવદશા વખતે તે કોઈ વિકલ્પો હોતા નથી, વિકલ્પો અલોપ થઈને એક પરમ તત્ત્વ જ પ્રકાશમાન રહે છે; નય–નિપેક્ષ–પ્રમાણના સર્વે વિકલ્પો નિર્વંશ થઈ જાય છે. અહા! આવી અનુભૂતિ થઈ ત્યારે સમ્યગ્દર્શન થયું. આત્માના આવા અનુભવ વગર કોઈ કહે કે અમને સમ્યગ્દર્શન થઈ ગયું, –તો એ માત્ર ભ્રમણા છે. સમ્યગ્દર્શનપરિણતિ રાગ–દ્વેષ–મોહના વિકલ્પોથી સર્વથા જુદી છે; તે મોહનો પડદો ફાડીને અંદર ચૈતન્યમાં ઘૂસી ગઈ છે.

卐 卐 卐

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૭, ફાગણ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૮ : અંક : ૫

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# પધારો સીમંધર ભગવાન

સં. ૧૯૯૭ ના ફાગણ સુદ બીજ.....જ્યારે સોનગઢમાં વિદેહીનાથ સીમંધર ભગવાન પધાર્યા.....ત્રીસ ત્રીસ વર્ષ વીતી ગયાં એ વાતને! અને જ્ઞાનીજનોના ઉજ્જવળ જ્ઞાનદર્પણમાં તો પ્રભુજીની પધરામણી એના કરતાંય વર્ષો પહેલાં થઈ ગઈ હતી....વિદેહીનાથનો વૈભવ જ્ઞાનીઓએ પોતાના અંતરમાં દેખી લીધો હતો....એમના જ પ્રતાપે આપણને –ભરતક્ષેત્રના મુમુક્ષુઓને ભગવાન મળ્યા અને ભગવાનનો માર્ગ મળ્યો....પરમ ઉપકાર છે સંતગુરુઓનો.... કે જેમણે આપણને આવા ભગવાનનો ભેટો કરાવ્યો....ને ભગવાનની ઓળખાણ કરાવી.

સોનગઢમાં ભગવાનની પધરામણીનો એ ઉત્સવ દરવર્ષે આઠ દિવસ સુધી ઉજવીએ છીએ.... ભક્તિદ્વારા આનંદપૂર્વક ભગવાનનો મહિમા અને બહુમાન કરીએ છીએ. જ્ઞાનીના જ્ઞાનમંદિરમાં ને બહારમાં જિનમંદિરમાં સીમંધર પ્રભુ પધાર્યા ત્યારથી સદાય ધર્મની વૃદ્ધિના પ્રસંગો બની રહ્યા છે......અનેક અનેક પ્રકારે ભગવાને મોટો ઉપકાર કર્યો છે.....અહા! જાણે કે વિદેહમાં બેઠાબેઠા ભગવાન ભરતક્ષેત્રમાં પણ ધર્મતીર્થ પ્રવર્તાવી રહ્યા છે... એવો આનંદ ગુરુદેવના પ્રતાપે આપણને પ્રાપ્ત થાય છે.

અહા! દેવ–ગુરુના શરણે આત્માને સાધવાનો પરમ અવસર આપણને પ્રાપ્ત થયો છે. તો હવે આ અવસરમાં આપણે સૌ મુમુક્ષુ–સાધર્મીઓએ પણ પૂરા ઉલ્લાસથી અને પાત્રતાથી આ દેવ–ગુરુના પરિવારમાં ભળી જવાનું છે. અહા! ભગવાન આપણા કહેવાયા, ને આપણે ભગવાનના કહેવાયા–એનાથી ઊંચું બીજું શું!

વીતરાગી દેવ–ગુરુના આશ્રયે આપણા સૌમાં સાધર્મીપણાનો સંબંધ બંધાયો....... 'સાચું સગપણ સાધર્મીનું' –એવા સાધર્મીપ્રેમ માટે હૃદયમાં હજાર હજાર લાગણીથી લખવાનું મન થાય છે; આપણા સૌના દેવ એક, સૌના ગુરુ એક, સૌનો સિદ્ધાંત એક, સૌનો ધર્મ એક, સૌનું ધ્યેય એક, સૌની વિચારધારા એક, –કેટલી મહાન એકતા....ને કેવો મધુર સંબંધ! આટલી મહાન વાતોમાં જ્યાં એકતા છે ત્યાં બીજી નજીવી બાબતોમાં અટકવાનું કેમ બને? અરે, એક દેશમાં રહેનારા માણસો વિભિન્ન જાતિ અને વિભિન્ન ધર્મના હોવા છતાં દેશની એકતાના ગૌરવથી પરસ્પર પ્રેમથી રહે છે, તો જ્યાં ધર્મની એકતા છે, દેવ–ગુરુની એકતા છે ત્યાં સાધર્મીપ્રેમની શી વાત! મુમુક્ષુ જૈનો જાગો........ને આનંદપૂર્વક બોલો–

"હમ સબ સાધર્મી એક હૈ.......શ્રી દેવ–ગુરુકી ટેક હૈ"

*
આત્મધર્મ
વર્ષ ૨૮
અંક—૫

પધારો સીમંધર ભગવાન

*
ફાગણ
૨૪૯૭
MARCH 1971

# ચિદાનંદભગવાનની સ્તુતિરૂપ મંગળ અને સ્વાનુભૂતિરૂપ નમસ્કાર

(મહા સુદ પાંચમના રોજ સમયસાર–નાટકની ઉત્થાનિકા પૂર્ણ થયા બાદ પ્રથમ જીવ–અધિકારનો પ્રારંભ ભાઈશ્રી ચંદ્રકાંત હરિલાલ દોશીના નવા મકાનના મંગલ વાસ્તુ પ્રસંગે થયો હતો. તે પ્રવચનમાંથી ભાવવાહી મંગલ પ્રસાદી અહીં આપી છે.)

ભગવાન કુંદકુંદાચાર્યદેવે જે સમયસાર–પરમાગમ રચ્યું, તેની અલૌકિક ટીકા અમૃતચંદ્રાચાર્યદેવે કરી છે, તેમાં ૨૭૮ અધ્યાત્મરસઝરતા કળશ છે; તેમાં માંગળિકનો પહેલો શ્લોક–

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्व भावांतरच्छिदे।।१।।

આ કળશ ઉપરથી તેના સારરૂપે પં. બનારસીદાસજીએ હિંદીમાં નાટક સમયસાર રચ્યું છે; તેમાં કહે છે કે–

शोभित निज अनुभूति जुत चिदानंद भगवान।
सार पदारथ आतमा, सकल पदारथ जान।।१।।

ચિદાનંદ ભગવાન આત્મા સ્વાનુભૂતિરૂપ જ્ઞાનવડે શોભાયમાન છે. આ મહાન મંગળ છે. ધર્મીને આત્માની સ્વાનુભૂતિમાં નિજસ્વરૂપની પ્રાપ્તિ થઈ છે, તે અપૂર્વ ધર્મ છે, તે મોક્ષનું મંગળ છે.

સમયસાર એવો ચિદાનંદ ભગવાન આત્મા, તે પોતાની સ્વાનુભૂતિદશા સહિત શોભે છે. સ્વાનુભૂતિમાં અપૂર્વ આનંદનું વેદન છે. સ્વાનુભૂતિ વડે પ્રકાશમાન થાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા અતીન્દ્રિયસ્વભાવી આત્મા છે. આવો આત્મા જ જગતમાં સારભૂત પદાર્થ છે. અંતર્મુખ થતાં આવા આત્માની પ્રતીતિ થાય તે મંગળ છે, તે સ્વઘરમાં અપૂર્વ વાસ્તુ છે.

ચિદાનંદપ્રભુ, ચિદાનંદ ભગવાન..... કોણ? કે આ આત્મા પોતે; તેનો સ્વભાવ સિદ્ધભગવાન જેવો શુદ્ધ છે; આવા શુદ્ધઆત્માને સ્વાનુભૂતિગમ્ય કરવો તે જગતમાં સૌથી ઉત્તમ સાર છે. આત્માની શોભા તો પોતાની સ્વાનુભૂતિ વડે જ છે. ધર્મમાં પહેલાંમાં પહેલું શું કરવું? કે પોતાના આત્માની અનુભૂતિ કરવી. આવી સ્વાનુભૂતિમાં આનંદ સહિત આત્મા પ્રગટે છે–પ્રકાશે છે–શોભે છે.

આ જગતમાં જેટલા પદાર્થો છે તે બધાયમાં શ્રેષ્ઠ–ઉત્તમ–સારભૂત શોભાવાળો આ ચિદાનંદસ્વરૂપ આત્મા જ છે. બાકી સંયોગોમાં કે રાગાદિ પરભાવોમાં કાંઈ સાર નથી. પોતાના આત્માના સ્વભાવમાં ઝુકાવ કરતાં આનંદનો અનુભવ થાય છે, તે ધર્મ છે. તે જ આત્માને ચારગતિમાંથી બહાર કાઢીને સિદ્ધપદમાં ધારી રાખે છે. આવો ધર્મ તે મંગળ છે.

આનંદનો અનુભવ કેમ થાય? કે પોતાના સ્વભાવની સન્મુખ જોવાથી જ આનંદનો અનુભવ થાય છે. બીજા પંચપરમેષ્ઠીભગવંતો વગેરેની સન્મુખ જોવાથી શુભરાગની ઉત્પત્તિ છે. પરને અનુસરીને તો રાગ જ થાય. આત્માને પોતાના સ્વભાવને અનુસરીને જે અનુભૂતિ થાય તે સ્વાનુભૂતિ છે, તેમાં વીતરાગી આનંદ છે.

જુઓ, આ સમયસારની અપૂર્વ શરૂઆત! शोभित निज अनुभूति जुत' આત્માની આવી અનુભૂતિ તે જ પરમાર્થ નમસ્કાર છે. પોતે પોતાના શુદ્ધસ્વભાવમાં વળ્યો–નમ્યો તે પરમાર્થ નમસ્કાર છે. અનુભૂતિ વડે પોતે પોતાને જ નમ્યો, એક સેકંડ જે આવો અનુભવ કરે તેને મોક્ષની પ્રાપ્તિ થાય. સ્વાનુભૂતિરૂપી બીજ ઊગી તેને કેવળજ્ઞાનરૂપી પૂર્ણિમા થશે જ. અજ્ઞાનદશામાં આત્માની શોભા ન હતી, સ્વાનુભૂતિ થઈ ત્યાં ચિદાનંદ ભગવાન પોતાની અનુભૂતિ પર્યાય–સહિત શોભી ઊઠયો....અનંતગુણના આત્મદરબારમાં ચિદાનંદપ્રભુ શોભે છે. પરભાવમાં આત્માની શોભા નથી; પોતાના સ્વભાવની અનુભૂતિમાં આત્મા શોભે છે.

જુઓ, આ માંગળિકમાં ચિદાનંદ ભગવાનની સ્તુતિ ચાલે છે. પોતાનો આત્મા તે જ ચિદાનંદ ભગવાન છે; તેની સ્તુતિ કઈ રીતે થાય? કે સ્વાનુભૂતિ

વડે. સ્વાનુભૂતિ થતાં ભાન થયું કે અહો! જ્ઞાન અને આનંદસ્વરૂપ વસ્તુ હું જ છું, અને જગતમાં સૌથી શ્રેષ્ઠ સારભૂત હું જ છું. –આવી અનુભૂતિથી આત્મા શોભી ઊઠયો.

સ્વાનુભૂતિ તે સાધકપર્યાય છે, અને તેના ફળમાં સકળ પદાર્થોને જાણવારૂપ કેવળજ્ઞાન પ્રગટે છે, તે પૂર્ણ શુદ્ધપર્યાય છે. આમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે આવી ગયા.

* भावाय કહેતાં દ્રવ્ય આવ્યું.

* चित्स्वभाव કહેતાં ગુણ આવ્યો.

* स्वानुभूति કહેતાં સાધક દશા આવી; એટલે સંવર–નિર્જરા આવ્યા. (અને આસ્રવ–બંધનો તેમાં અભાવ આવ્યો.)

* सर्व भावांतरच्छिदे કહેતાં સર્વજ્ઞતારૂપ મોક્ષપર્યાય આવી.

* આવા વિશેષણો સહિત શોભતો જે સારભૂત આત્મા, સમયસાર તેને નમસ્કાર કરવારૂપ મંગળ કર્યું. મંગળશ્લોકમાં અલૌકિક ગંભીર ભાવો ભર્યા છે.

પ્રથમ શ્લોકમાં પં. બનારસીદાસજીએ ચિદાનંદ ભગવાનની સ્તુતિરૂપ મંગળ કર્યું. હવે શુદ્ધાત્માના પ્રતિબિંબસ્વરૂપ જે સિદ્ધભગવાન તેમની સ્તુતિ તથા નમસ્કારરૂપ મંગળ બીજા શ્લોકમાં કહે છેઃ–

जो अपनी दुति आप विराजत,<br>
है परधान पदारथ नामी।<br>
चेतन अंक सदा निकलंक,<br>
महा सुख सागरकौ विसरामी।।<br>
जीव अजीव जिते जगमैं,<br>
तिनको गुन ज्ञायक अंतरजामी।<br>
सो सिवरूप बस सिव थानक,<br>
ताहि विलोकि नमैं सिवगामी।।२।।

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ ઉપર)

"नाटक सुनत हिये फाटक खुलत है "

# સમયસાર-નાટક દ્વારા શુદ્ધાત્માનું શ્રવણ કરતાં હૈયાનાં ફાટક ખુલી જાય છે.

( સમયસાર નાટકનાં પ્રવચનોમાંથી પ્રસાદી–( ૨ ), ગતાંકથી ચાલુ )

* * * * *

* અરિહંત–સિદ્ધ અને સાધુની સ્તુતિ પછી સમ્યગ્દ્રષ્ટિની પ્રશંસા ચાલે છે.

* અહો ! જગતમાં સમકિતી જીવો જ સદાય સુખિયા છે. ભગવાનના દાસ અને જગતથી ઉદાસ–એવા સમકિતી જીવ સ્વઅર્થમાં સાચા છે એટલે કે આત્મપદાર્થનું સાચું જ્ઞાન કરીને તેને તે સાધી રહ્યા છે; અને પરમાર્થરૂપ જે મોક્ષ તેમાં તેમનું ચિત્ત ખરેખર લાગેલું છે; આત્માનું સાચું જ્ઞાન છે ને મોક્ષનો સાચો પ્રેમ છે. મોક્ષની સાધનામાં જ એમનું ચિત્ત લાગેલું છે.

* સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા ગૃહસ્થદશામાં હોય ને બીજી ક્રિયાઓ કરતા દેખાય, પણ એ તો 'જેમ ધાવમાતા બાળકને ધવડાવે તેમ' અંતરથી તે ન્યારા છે. એની રુચિનો પ્રેમ સંસારમાં ક્યાંય નથી, એક મોક્ષરૂપ પરમાર્થને જ સાધવાની લગની છે. અંતરમાં એની દ્રષ્ટિ ગૃહસ્થપણાથી પાર પોતાના આત્માને દેખે છે. અસંયતદશામાં હોવા છતાં આવા સમ્યગ્દ્રષ્ટિ જીવો મોક્ષના સાધક હોવાથી પ્રશંસનીય છે. ચારે ગતિના જીવોને આવું સમ્યગ્દર્શન થઈ શકે છે.

* હવે, સમ્યગ્દ્રષ્ટિના અંતરમાં ભેદજ્ઞાન કેવું પ્રગટયું છે ? –તો કહે છે કે ગણધર જેવું. અહો ! જે સમ્યગ્દ્રષ્ટિ છે તેના હૃદયમાં, તેના આત્મામાં ગણધર ભગવાન જેવો વિવેક પ્રગટયો છે, વિવેક એટલે સ્વ–પરનું ભેદજ્ઞાન, તે તો નાના સમ્યગ્દ્રષ્ટિ–દેડકાને અને મોટા ગણધરદેવને બંનેને સરખું છે; બંને પોતાના આત્માને વિકલ્પથી ભિન્ન શુદ્ધસ્વરૂપ અનુભવે

છે. સ્વને સ્વ, અને પરને પર–એમ સ્વ–પરની ભિન્નતા જાણવામાં બધા સમ્યગ્દ્રષ્ટિ સરખા છે. કોઈ સમ્યગ્દ્રષ્ટિના અંતરમાં પોતાના શુદ્ધાત્મા સિવાય પરભાવનો એક અંશ પણ પોતાનો ભાસતો નથી.

* ધર્મીને અનુભવમાં આનંદના ઝરણાં ફૂટયાં છે; સમ્યગ્દર્શન થાય ને ભેદજ્ઞાન થાય ત્યાં આત્માના આનંદનો અનુભવ થાય છે. આત્માના સ્વભાવનું જે સાચું સુખ, તેને જ તે સુખ માને છે; આત્માના સ્વભાવ સિવાય બીજે ક્યાંય કોઈ વિષયમાં તેઓ સુખ માનતા નથી. અહા, અતીન્દ્રિય સ્વાધીન સુખનો સ્વાદ જેણે ચાખ્યો તે ઇન્દ્રિય–વિષયોમાં સ્વપ્નેય સુખ માને નહીં. તે પોતાના આત્માના અડોલ મહિમાને જાણે છે. અહા, સમ્યગ્દર્શનનો અપાર મહિમા છે.

* તે સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા પોતાના સમ્યગ્દર્શનાદિ ગુણોને પ્રગટ કરીને, તે સમ્યગ્દર્શનાદિ સ્વભાવને પોતામાં જ ધારણ કરે છે. રાગાદિ પરભાવોને તે પોતામાં ધારણ કરતા નથી; સ્વભાવના આશ્રયે પ્રગટેલા સમ્યગ્દર્શનાદિ શુદ્ધ ભાવોને જ તે આત્મામાં ધારણ કરે છે. શ્રીમદ્ રાજચંદ્રજી પણ કહે છે કે–

'સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ, પરદ્રવ્યનું ધારકપણું ત્વરાથી છોડો. '

એટલે ધર્મી નિશ્ચયને જ ધારણ કરે છે ને રાગાદિ વ્યવહારને ધારણ કરતા નથી. આનું નામ ધર્મનો વિવેક છે. આવા વિવેક વગર ધર્મ હોતો નથી.

* નિર્વિકલ્પ ભેદજ્ઞાનમાં આત્મા અને રાગ જુદા પડી જાય છે. અંતરમાં શુદ્ધાત્માને અનુભવમાં લીધો ત્યાં જીવ અને અજીવનું અત્યંત પૃથક્કરણ થઈ ગયું. એકકોર શુદ્ધજીવ તે સ્વપણે અનુભવમાં આવ્યો, ને એના સિવાયનું બીજું બધું અજીવમાં રહી ગયું. આવી અંતરની ક્રિયાવડે ધર્મી જીવને મોક્ષનાં ફાટક ખૂલી જાય છે, તેના વડે તે મોક્ષને સાધે છે.

* તે ધર્મીજીવ આત્મશક્તિઓને સાધે છે ને જ્ઞાનના ઉદયને આરાધે છે; જ્ઞાનનો ઉદય એટલે પૂર્ણ કેવળજ્ઞાનનો પ્રકાશ, તેને ધર્મી જીવ આરાધે

છે; આત્મશક્તિની વૃદ્ધિના ઉદ્યમ સહિત જ્ઞાનસૂર્યને પ્રકાશિત કરે છે. ભેદજ્ઞાન તો પ્રગટયું છે ને કેવળજ્ઞાનને આરાધી રહ્યા છે.

* –આવા ગુણો સહિત સમકિતી ધર્માત્મા છે તે ભવસાગરને તરે છે. આવા સમ્યગ્દર્શન વગર બીજા કોઈ ઉપાયથી ભવસાગરને તરવા માંગે તો તે તરી શકે નહીં. ભવસાગરથી જેણે તરવું હોય ને મોક્ષને સાધવો હોય તેઓ આવા સમ્યગ્દર્શનને ધારણ કરો. સમ્યગ્દર્શનને ધારણ કરનાર જીવ અલ્પકાળમાં ભવસાગરને તરીને મોક્ષ પામે છે.

* સમ્યગ્દ્રષ્ટિનો મહિમા બતાવ્યો; હવે તેનાથી વિરુધ્ધ મિથ્યાત્વી જીવ કેવો છે તે પણ બતાવે છે.–ધર્મ શું, આત્માનો સ્વભાવ શું, જીવ–અજીવનું ભિન્ન–ભિન્ન સ્વરૂપ કેવું છે? તેને તો તે જાણતો નથી, એવા મિથ્યાત્વી જીવનું બધુંય કથન તત્ત્વથી વિરુધ્ધ મિથ્યાત્વમય હોય છે; ભગવાને કહેલું અનેકાંતમય સાચું વસ્તુસ્વરૂપ તો તે જાણતો નથી, એટલે એકાંતનો પક્ષ કરીને ઠેકાણે–ઠેકાણે તે વાદવિવાદ ને લડાઈ ઉભા કરે છે. જગતમાં આવા મિથ્યાદ્રષ્ટિ જીવો હોય છે તેનું જ્ઞાન કરાવવા તેનું વર્ણન કર્યું છે. આવો મિથ્યાત્વભાવ સર્વથા છોડવા જેવો છે.

સમ્યગ્દ્રષ્ટિ કેવા હોય તે ઓળખાવ્યું. મિથ્યાત્વી કેવા હોય તે પણ ઓળખાવ્યું. સમ્યગ્દ્રષ્ટિ તો આત્મશક્તિને વિકસાવીને ભવસાગરને તરે છે ને મિથ્યાદ્રષ્ટિ તો આત્મઘાતકી મહાપાતકી છે. આમ ઓળખીને મિથ્યાભાવ છોડવો ને સમ્યક્ત્વની આરાધના કરવી.

* હવે કહે છે કે અહો! તે સિદ્ધભગવંતોને, અને તેના ઉપાયરૂપ રત્નત્રયને વંદન હો–કે જેમના પ્રસાદથી હું આ સમયસાર નાટક ગ્રંથની રચના કરું છું.–

**વંદું શિવ અવગાહના, અરુ વંદું શિવપંથ;**

**જસુ પ્રસાદ ભાષા કહું નાટક નામ ગરંથ. ૧૦**

અત્યંત વિનયપૂર્વક પં. બનારસીદાસજી કહે છે કે અહો, જેમના પ્રસાદથી હિંદી ભાષામાં આ નાટકસમયસાર જેવા મહાન અધ્યાત્મરસઝરતા ગ્રંથની રચના થાય છે તે અસંખ્ય પ્રદેશરૂપ આત્મઅવગાહનાવાળા

સિદ્ધભગવંતોને હું વંદન કરું છું; તેમ જ તે સિદ્ધપદના ઉપાયરૂપ મોક્ષમાર્ગને હું વંદન કરું છું.

* સંતો પ્રત્યેનો વિષય અને પોતાની લઘુતાપૂર્વક કહે છે કે–અહો! ક્યાં આ સમયસાર જેવું મહાન કાર્ય? અને ક્યાં મારી અલ્પબુદ્ધિ! શ્રી કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય જેવા ‘મહા સમર્થ મુનિ ભગવંતોએ જે સમયસારની રચનાનું મહાન કાર્ય કર્યું તે–અનુસાર હું પણ તેના ભાવોને આ કવિતામાં ગૂંથવાનો મારી અલ્પબુદ્ધિથી પ્રયત્ન કરું છું. ક્યાં એ અગાધ જ્ઞાનના દરિયા મુનિભગવંતો! ને ક્યાં હું! –છતાં ભક્તિવશ હું આ સમયસારનાટક ગ્રંથની હિંદીમાં રચના કરવા ઉદ્યમી થયો છું.

હીરાની કણીથી વીંધેલા રત્નો–મોતી જો તૈયાર હોય, તો પછી તેને રેશમની દોરીમાં પરોવીને માળા બનાવવી તે સહેલું છે; તેમ સમયસાર તો રત્નો છે, મોતી છે; અને અમૃતચંદ્રસૂરિએ ટીકા વડે તેના અર્થો છેદી–ભેદીને ખુલ્લા કરીને સમજવાનું અત્યંત સરલ કરી દીધું છે, તેથી મારી અલ્પબુદ્ધિથી સમજવામાં આવ્યું તેમ જ આ શાસ્ત્રરૂપે ગૂંથવાનું સરલ બન્યું. આ રીતે પૂર્વાચાર્યોએ જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે કહેવા માટે મારી મતિ સાવધાન થઈ છે. જેમ મોટા પુરુષો જે ભાષા બોલે છે તે શીખીને બાળક પણ તેવી ભાષા બોલે છે, તેમ મહાપુરુષોએ શાસ્ત્રમાં જે ભાવ કહ્યા છે તે અનુસાર સમજીને હું આ શાસ્ત્રમાં કહું છું.

જુઓ તો ખરા, સમયસારનો મહિમા! સમયસારની રચના તે તો રેશમની દોરીમાં સાચા રત્નો પરોવવા જેવું છે. એમાં અધ્યાત્મરસનું ઝરણું વહે છે અને ભાવથી એનું શ્રવણ કરતાં હૈયાનાં ફાટક ખુલી જાય છે.

## અરિહંત પ્રભુનો પરિવાર

હે ભવ્ય! ઉલ્લાસપૂર્વક આત્માના સ્વભાવની ઓળખાણ વડે સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરીને તું અરિહંત ભગવાનના પરિવારમાં આવી જા.

# * વિ હા ર વ ર્ત મા ન *

**( સોનગઢથી ગઢડા-પાટી-બોટાદ-વીંછીયા-સોનગઢ )**

મહા સુદ ૯ ની વહેલી સવારમાં ભગવાન સીમંધરનાથના દર્શન કરીને પૂ. ગુરુદેવે ગઢડા તરફ મંગલ પ્રસ્થાન કર્યું. ગુરુદેવ સાથે સોનગઢનો સંઘ પણ ગઢડા આવી પહોંચ્યો. પૂ ગુરુદેવ ગઢડા શહેર પધારતાં નગરીને શણગારીને ઉત્સાહભીનું સ્વાગત થયું. દુકાન છોડયા પછી આઠેક માસ ગુરુદેવ આ ગઢડામાં રહ્યા હતા; ગઢડા તેમના વડીલોનું મૂળ વતન છે. સ્વાગત પછી મંગલ પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે–

**“ ભેદવિજ્ઞાનતઃ સિદ્ધાઃ સિદ્ધા યે કિલ કેચન ”**

અનંત જીવો ભેદવિજ્ઞાનવડે સિદ્ધપદને પામ્યા છે. રાગથી ભિન્ન આત્માના સ્વભાવને અનુભવમાં લેતાં ભેદજ્ઞાન થાય છે; આવું ભેદજ્ઞાન તે એક જ મોક્ષનો માર્ગ છે, એટલે ભેદજ્ઞાન તે જ સાચું માંગળિક છે.

બપોરના સમયે જિનમંદિર માટે પાયા ખોદવાનું ખનનમુહૂર્ત થયું હતું, તે પ્રસંગે જિનેન્દ્રપૂજનપૂર્વક ગઢડા મુમુક્ષુ–મંડળના પ્રમુખ ભાઈશ્રી જયંતિલાલ હરીચંદ કામદાર તથા બલવંતભાઈ ચુનીલાલ શાહ ( રાજકોટવાળા ) એ ઉત્સાહપૂર્વક તે વિધિ કરી હતી. બપોરે પ્રવચનમાં સમયસારની ૩૮ મી ગાથા વંચાણી હતી. પ્રવચન પછી જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા નીકળી હતી.

મહા સુદ દશમની સવારમાં કાકાભાઈ સિંહણના ભાઈશ્રી જેઠાલાલ દેવરાજ શાહ જેઓ આફ્રિકામાં નાઈરોબી મુમુક્ષુ મંડળના પ્રમુખ છે–તેમના હસ્તે તથા તેમના ધર્મપત્ની અમૃતબહેન અને તેમના પરિવારના હસ્તે, પૂ. ગુરુદેવના મંગલ આશીર્વાદ–પૂર્વક દિ. જિનમંદિરનું શિલાન્યાસ થયું હતું. ગુરુદેવના વડીલો અહીં જે ઘરમાં રહેતા હતા તેની નજીકમાં જિનમંદિર બની રહ્યું છે. શિલાન્યાસ વિધિ પ્રસંગે સૌને ઉત્સાહ હતો, જિનમંદિરને માટે પોતાના મકાનની જગ્યાનો કેટલોક ભાગ ભાઈશ્રી જયંતિલાલ ગોપાલજી કામદારે ઉત્સાહથી ભેટ આપ્યો છે. જિનંમદિરના શિલાન્યાસ પ્રસંગે સૌને ઘણો ઉત્સાહ હતો.

પૂ. બેનશ્રી–બેને પણ મંગલ વિધિમાં ભાગ લીધો હતો. ગઢડાના મુમુક્ષુ ભાઈઓએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો; ને એકદંર સત્તાવન હજાર રૂા. જેટલો

ફાળો લખાયો હતો. વીતરાગી જિનમંદિરના શિલાન્યાસનો આવો લાભ ગુરુપ્રતાપે પોતાને મળ્યો તેથી જેઠાલાલભાઈએ ઉલ્લાસ–પ્રમોદ અને ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. પ્રવચન વગેરે કાર્યક્રમોમાં ઘણા માણસો લાભ લેતા હતા. ગઢડા શહેરનું જિનમંદિર વેલું–વેલું તૈયાર થઈ જાય ને ત્યાં ભગવાન વેલાવેલા પધારે–એવી ભાવનાપૂર્વક આ મંગલકાર્ય માટે ગઢડાના મુમુક્ષુઓને ધન્યવાદ!

ગુરુદેવ ગઢડામાં બે દિવસ રહ્યા અને ત્રીજે દિવસે સવારમાં જિનેન્દ્રદેવના દર્શન–સ્તવન કરીને ઉગામેડી તથા નીંગાળા થઈને પાટીગામે પધાર્યા; માણેકચંદ બાપાની આગેવાનીમાં નગરજનોએ રસ્તામાં મખમલના પટા પાથરીને ઉમંગભર્યું સ્વાગત કર્યું ને પ્રવચનાદિનો લાભ લીધો. સહેલા પ્રવચનમાં આત્મજ્ઞાનનો મહિમા સમજાવતાં ગુરુદેવે કહ્યું કે–

આત્મા આ દેહથી ભિન્ન એક તત્ત્વ છે; તે જ્ઞાનસ્વરૂપી છે; તેનું ભાન કરતાં આત્મા પોતે ભગવાન થાય છે. આવા આત્માને ઓળખનાર જ્ઞાની કહે છે કે અહો! આ આત્મા જ્ઞાન–આનંદનો સમુદ્ર છે, તેને તમે અનુભવમાં લ્યો.

દેહને જાણનારો દેહથી જુદો છે; દેહ તો માટીનો પિંડ છે, તે કાંઈ જાણતો નથી; જાણનાર આત્મા દેહથી જુદો છે. તે પોતાના જ્ઞાન વડે પોતાને પણ જાણે છે ને પરને પણ જાણે છે. આવા આત્માનો અનુભવ થવામાં કોઈ બીજાની અપેક્ષા નથી, ધર્મ થવાની રીત એ છે કે દેહથી ભિન્ન આત્માને ઓળખવો, આવા આત્માની ઓળખાણ કર્યા વગર પાપભાવ કરવાથી જીવ નરકમાં જાય છે, ને પુણ્યભાવથી સ્વર્ગમાં જાય છે; પણ સ્વર્ગમાંય કાંઈ સુખ નથી. મનુષ્યભવમાં આવું આત્માનું શ્રવણ મળવું મોઘું છે; સત્સમાગમે આત્માનું ભાન કરવું જોઈએ કે હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા છું. વારંવાર અંદર એનું રટણ ચાલે ત્યારે જ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થાય છે. પણ તે માટે સત્સંગે જીવને પોતાના સ્વભાવની પ્રતીત આવવી જોઈએ.

ભગવાન તો કહે છે કે જેવા અમે છીએ તેવો જ તું છો. તારા સ્વભાવનો તો આ બધો મહિમા ગવાય છે. તારી હયાતી વગર આ ગાણાં કોના? માટે આ મનુષ્યપણું પામીને ભવદુઃખથી છૂટવા માટે આત્માનો મહિમા લાવીને તેની ઓળખાણ કરવી જોઈએ.

તા. ૭–૨–૭૧ ના રોજ પાટીથી પ્રસ્થાન કરીને પૂ. ગુરુદેવ બોટાદ શહેરમાં

પધાર્યા, ઉલ્લાસભીનું સુંદર સ્વાગત થયું. શ્રેયાંસનાથ સીમંધરનાથ વગેરે ભગવંતોનાં દર્શન કર્યા બાદ સ્વાગત પ્રવચન અને સ્વાગત–ગીત પછી મંગલ પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે–

આ દેહમાં રહેલા આત્મામાં પરમ આનંદની શક્તિ ભરી છે, તેનો આવિર્ભાવ કરવાની જરૂર છે. તે આવિર્ભાવ કેમ થાય ? કે તેની સન્મુખ થઈને તેનું ભાન કરે તો તે પ્રગટ અનુભવમાં આવે છે. સર્વજ્ઞપ્રભુ અરિહંત પરમાત્મા અને આ આત્મા શક્તિપણે સરખા છે. એવા સ્વભાવનું ભાન જીવે અનાદિ કાળમાં નથી કર્યું, માત્ર અશુભ ને શુભ રાગ કર્યા છે. પણ શુભ અશુભથી પાર એવો ચિદાનંદ અશરીરી આત્મા પોતે છે, તેની લગની કદી લગાડી નથી. પણ જ્યાં જ્ઞાની પાસેથી ને ભગવાન પાસેથી સાંભળ્યું કે અહો, મારો આત્મા તો ચૈતન્ય ચમત્કારથી ભરેલો છે–જેમાં અનંત જ્ઞાન ને અનંત આનંદ ભર્યો છે, –ત્યાં આવા આત્માની લગની લાગી. સ્વભાવનું ભાન થતાં ભવભ્રમણ મટયું. –અહા ! આવા સ્વભાવની વાત સાંભળવી પણ મોંઘી છે. આવા આત્માનું શ્રવણ કરીને તેનું લક્ષ અને તેનો પક્ષ કરવો તે માંગળિક છે.

બોટાદમાં પૂ. ગુરુદેવ પાંચ દિવસ રહ્યા તે દરમિયાન ઘણા જિજ્ઞાસુઓએ પ્રવચનાદિનો લાભ લીધો હતો. બાળકોએ ધાર્મિક નાટક પણ કર્યું હતું.

બોટાદનો પાંચ દિવસનો કાર્યક્રમ પૂરો થતાં મહા વદ બીજના રોજ વચ્ચે પાળીયાદ થઈને વીંછીયા પધાર્યા; ત્યાં ઉમંગભર્યું સ્વાગત થયું. સ્વાગતગીત બાદ મંગલપ્રવચનમાં ગુરુદેવે આત્માના નિધાનનો પરમ મહિમા બતાવ્યો. બોટાદ તેમજ વીંછીયામાં ૪૭ શક્તિ ઉપર પ્રવચનો થયેલા, તેની વાનગી આ અંકમાં આપેલ છે. વીંછીયામાં ઘાટકોપરના ઉત્સાહી ભાઈઓની ભજનમંડળી આવેલ ને ભાવભીનાં ભક્તિ–ભજન કર્યા હતા. જસદણના દરબારશ્રી તેમજ યુવરાજશ્રી વગેરે પણ એક દિવસ આવ્યા હતા. ગુરુદેવ વીંછીયામાં દરરોજ અનેકવિધ સંસ્મરણો સંભળાવીને ધર્માત્માનો મહિમા કરતા હતા. મહા વદ નોમના રોજ જસદણ જિનમંદિરના દર્શન કરીને તથા વચ્ચે ઢસા થઈને પૂ. ગુરુદેવ સોનગઢ પધાર્યા; ને બીજા જ દિવસથી જિનમંદિરમાં સીમંધર ભગવાનની પધરામણીનો મંગલ અટ્ઠાઈ ઉત્સવ આનંદપૂર્વક શરૂ થયો.

સોનગઢમાં પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. જિનમંદિરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાને ૩૦ વર્ષ પૂરા થઇને ફાગણ સુદ બીજે ૩૧ મું વર્ષ બેઠું. તેનો ઉત્સવ

આનંદોલ્લાસપૂર્વક ઉજવાયો હતો. પ્રવચનમાં અષ્ટપાહુડ વંચાતું હતું તે પૂરું થઈને ફાગણ સુદ બીજથી નિયમસાર શરૂ થયેલ છે; બપોરે પં. બનારસીદાસજીનું હિંદી સમયસાર નાટક વંચાય છે (–જે હાલમાં નવું છપાયેલ છે; કિંમત ચાર રૂપિયા છે.) ચૈત્ર–વૈશાખ–જેઠ માસમાં વિહારનો જે કાર્યક્રમ અગાઉ જણાવી ગયા છીએ તેમાં વધારામાં જેતપુર પછી માળીયા–હાટીના (સોરઠ) નો બે દિવસનો કાર્યક્રમ નક્કી થયો છે.

ગુરુરાજના મંગલ સત્સંગનો આ સુઅવસર પામીને સૌ સાધર્મીઓ ઉલ્લાસ અને બહુમાનપૂર્વક આત્મહિતમાં એક–બીજાને પ્રોત્સાહન આપીને આગળ વધો.

## બોટાદ શહેરના પ્રવચનોમાંથી

દેહથી ભિન્ન આત્મા ચૈતન્ય પ્રતાપથી તપતો શોભતો પ્રભુ છે. આત્માની પ્રભુતાને કોઈ તોડી શકે નહીં. અરિહંતપ્રભુને અને સિદ્ધ પ્રભુને આત્માની જે પ્રભુતા પ્રગટી તે ક્યાંથી પ્રગટી? આત્મામાં તેવી શક્તિ હતી તે જ પ્રગટી છે. એવા જ શક્તિસ્વભાવવાળો આ આત્મા છે; –એનું ભાન કરતાં પર્યાયમાં સમ્યગ્દર્શનાદિ પ્રભુતા પ્રગટે છે.

આવા પોતાના આત્માનું પહેલાં સ્વસંવેદન થાય, સ્વસંવેદનમાં રાગ વગર, ઇન્દ્રિય વગર, આત્મા અત્યંત સ્પષ્ટ અનુભવમાં આવે છે. આત્મામાં જ્ઞાન–આનંદ વગેરે જે શક્તિઓ છે તે સ્વયં પોતાના સ્વભાવથી જ છે, કોઈ બીજાને લીધે નથી. પોતાનો જેવો સ્વભાવ છે તેવો પોતાને સ્વાદમાં આવે તેનું નામ ધર્મ છે. આત્માનો જે ધર્મ, એટલે કે આત્માનો જે સ્વભાવ, તેમાં પરનું કોઈ કાર્ય નથી, તેમજ તે સ્વભાવમાં બીજું કોઇ કારણ નથી. સમ્યક્ત્વાદિ જે પર્યાય છે તે આત્માનું કાર્ય છે ને આત્મા જ તેનો કર્તા છે; બીજું કોઈ તે સમ્યક્ત્વાદિનું કારણ નથી. પોતાનાં કારણ કાર્ય–પોતામાં છે, પરમાં નથી. આવું ભેદજ્ઞાન થતાં પરનું મમત્વ રહેતું નથી; એટલે પોતાના સ્વભાવમાં જ અંતર્મુખ થતાં નિર્મળ વીતરાગ દશા પ્રગટે છે, તે મોક્ષનું કારણ છે.

આવા આત્માને જાણીને તેમાં એકાગ્રતાથી સર્વજ્ઞ થયેલા પરમેશ્વર, જ્યાં સુધી શરીરસહિત વર્તે ત્યાંસુધી તેમને અરિહંતદશા કહેવાય છે. અને તેમનું શરીર

એવું દિવ્ય અતિશયવાળું હોય છે કે તેમાં જોનારને સાત ભવ દેખાય છે, અને તે અરિહંતપ્રભુના આત્માની જેને ઓળખાણ થાય તેને તો પોતાના આત્મામાં અનંત આત્મગુણોનો વૈભવ દેખાય છે; તેનું વર્ણન આ સમયસારમાં છે. એવા અરિહંત પરમાત્મા સીમંધર ભગવાન, વગેરે અત્યારે મનુષ્યલોકમાં વિદેહક્ષેત્રમાં બિરાજી રહ્યા છે. તે અરિહંત ભગવાન જ્યારે શરીર રહિત થઈ જાય ત્યારે સિદ્ધ કહેવાય છે. આવું અરિહંતપણું ને સિદ્ધપણું ચૈતન્યના પાતાળમાં રહેલું છે; અંદર ચૈતન્યનું ઊંડું પાતાળ ફોડીને જે જ્ઞાનપરિણતિ પ્રગટી તે ધર્મ છે. ભાઈ, શરીરમાં ને રાગમાં કાંઈ ધર્મ નથી; ધર્મ તો ચૈતન્યના પાતાળમાં ઊંડે-ઊંડે છે. અંતરની દ્રષ્ટિ વડે તે પ્રગટે છે. આવા આત્માનું શ્રવણ કરીને તેની સન્મુખતા કરવી તે પણ અપૂર્વભાવ છે. આત્માનો જે સર્વજ્ઞ સ્વભાવ, તેની સન્મુખ થતાં જે તરંગ ઊઠે તેમાં અનંત આનંદ છે. ચૈતન્યના તરંગ આનંદ સહિત હોય છે; તેમાં રાગનો અનુભવ નથી.

આવા સ્વરૂપવાળો આત્મા પોતે પોતાને સ્વસંવેદનજ્ઞાનના પ્રકાશથી અત્યંત સ્પષ્ટ જાણે છે-બીજા કોઈની મદદ વગર સ્વયં પોતે પોતાને પ્રકાશે છે, આત્માનું જીવન, આત્માની સત્તા, આત્માની પ્રભુતા, આત્માનું સુખ-તેનો સ્વીકાર પોતાના સ્વભાવની સન્મુખતા વડે જ થાય છે. આવા આત્માના સ્વીકારમાં અનંત સર્વજ્ઞનો સ્વીકાર થાય છે. સર્વજ્ઞ,-અનંત જેનું જ્ઞાન છે-એવા સર્વજ્ઞ ભગવંતો આ જગતમાં અનંત છે. અનંત સર્વજ્ઞનો સ્વીકાર કરનાર જ્ઞાનની તાકાત કેટલી? રાગમાં એવી તાકાત નથી, ને પરસન્મુખથી જ્ઞાનમાંય એવી તાકાત નથી કે સર્વજ્ઞને સ્વીકારી શકે. આત્માના સ્વભાવની સન્મુખ થયેલા અતીન્દ્રિય જ્ઞાનમાં જ એવી તાકાત છે કે અનંતા સર્વજ્ઞના અસ્તિત્વનો સ્વીકાર પોતાની એક પર્યાયમાં કરી શકે.

સર્વજ્ઞદેવમાં જેવી પ્રભુતા છે એવી જ પ્રભુતા આ આત્મામાં છે. જ્ઞાનમાત્રભાવ તેનું લક્ષણ છે. આવા લક્ષણથી જ્યાં પોતાના આત્માને લક્ષિત કર્યો ત્યાં પર્યાયમાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-અતીન્દ્રિય આનંદ વગેરેનું પરિણમન થયું. સંસારમાર્ગ પલટીને મોક્ષનો માર્ગ શરૂ થયો. આત્માનો આવો ભાવ પ્રગટયો તેની પાસે સ્વર્ગની પણ કાંઈ કિંમત નથી. સ્વર્ગમાં તો અનંતવાર જઈ આવ્યો પણ આત્માના સ્વરૂપનો જે નિજ વૈભવ તે કદી જાણ્યો નથી. એવા નિજવૈભવની આ વાત છે, કે જેને ઓળખતાં પરમ આનંદ સહિત મોક્ષદશા પ્રગટે છે.

* * * * *

# ભગવાન પારસનાથ

લેખાંક છેલ્લો-આઠમો (ગતાંકથી ચાલુ)

ભગવાન પારસનાથનું જીવનચરિત્ર આ અંકે પૂરું થાય છે. નાના-મોટા સર્વે જિજ્ઞાસુઓએ આ પવિત્ર કથામાં ખૂબ રસ લીધો છે. પૂર્વના દશમા ભવે કમઠ અને મરૂભૂતિના અવતારમાં કમઠના જીવે ક્રોધપૂર્વક ઉપસર્ગ શરૂ કર્યા, અને મરુભૂતિ (પારસનાથ) ના જીવે ક્ષમાપૂર્વક તે સહન કર્યા. ક્રોધનું અને ક્ષમાનું કેવું ફળ તે જીવો પામ્યા તે પણ આપણે જોયું. હવે અંતિમ અવતારમાં પારસપ્રભુ દીક્ષા લઈને મુનિદશામાં ધ્યાન ધરી રહ્યા છે ને કમઠનો જીવ સંવર નામનો દેવ થયો છે; તે દેવ વિમાનમાં બેસીને ફરવા નીકળ્યો છે. પછી શું થાય છે તે આપ અહીં વાંચો.

## કમઠ દ્વારા અંતિમ ઉપસર્ગ: ક્ષમાનો મહાન વિજય: કમઠના જીવને ધર્મપ્રાપ્તિ

આકાશમાં સંવરદેવનું વિમાન પસાર થઈ રહ્યું હતું; પણ જ્યાં ધ્યાનમાં ઊભેલા પારસમુનિરાજ ઉપર તે વિમાન આવ્યું ત્યાં તો એકાએક થંભી ગયું. અહા, નીચે પારસનાથ જેવા મહામુનિરાજ વિરાજતા હોય તેમને વંદન કર્યા વગર વિમાન તેમના ઉપરથી કેમ પસાર થઈ શકે? વિમાનમાં બેઠેલા સંવરદેવે ઘણી મહેનત કરી પણ વિમાન તો જરાય ન ચાલ્યું. અંતે વિમાન કેમ અટકી ગયું તેની તપાસ કરવા તે દેવ વિમાનમાંથી બહાર નીકળ્યો.

તે સંવરદેવે વિમાનમાંથી ઊતરીને જોયું તો પારસમુનિરાજને ધ્યાનમાં દેખ્યા! બસ, એને દેખતાંવેંત ભાઈસાહેબ ક્રોધથી સળગી ઊઠયા કે નક્કી આણે જ મારા વિમાનને રોકયું છે. એણે તો ભયંકર વિકરાળ રૂપ ધારણ કર્યું ને ભગવાન સામે આવીને ઊભો,-જાણે કે હમણાં ભગવાનને ખાઈ જશે-એમ અત્યંત ક્રોધથી મોઢું ફાડીને કહેવા

લાગ્યો કે અરે માયાવી! તેં મંત્રથી મારા વિમાનને કેમ રોકયું છે? જલ્દી મારા વિમાનને છોડ, નહીં તો ભસ્મ કરી નાખીશ. –એમ કહીને તે તો મોઢામાંથી અગ્નિની જ્વાળા કાઢવા લાગ્યો.

–પણ કોણ બોલે? ભગવાન તો પોતાના ધ્યાનમાં લીન છે; એ તો નથી બોલતા, કે નથી હાલતા–ચાલતા; એમનું તો રૂંવાડુંય ન ફરક્યું. (અરે કમઠ! અરે સંવર! તારા ક્રોધથી તું જ બળી રહ્યો છે; તારો ક્રોધ ભગવાનને નહીં બાળી શકે!) કમઠદ્વારા ફેંકાતી અગ્નિની જ્વાળા પ્રભુથી દૂર જ રહેતી હતી; ભગવાન તો પોતાના ઉપશમરસમાં તરબોળ હતા.

અગ્નિની જ્વાળાની પણ ભગવાનને કાંઈ અસર ન થઇ તેથી સંવરદેવ વધારે ખીજાયો, અને પહાડ જેવા મોટામોટા પથ્થર ઉપાડીને તે ભગવાનની સામે ફેંકવા લાગ્યો. ઘણણ–ઘણણ કરતા પથ્થરનો વરસાદ વરસાવ્યો. .....ધરતી તો ધ્રુજી ઊઠી....ભલભલા જીવો કંપી ઊઠયા ને ધરણેન્દ્રનું આસન પણ કંપી ઊઠયું; પણ ભગવાન તો અકંપ આત્મધ્યાનમાં લીન રહ્યા.....(પથ્થરનો વરસાદ વરસે એવી વિક્રિયા સંવરદેવે કરી પણ ભગવાનને તો ઊની આંચ પણ ન આવી; તેમના પર પથ્થરની એક કણી પણ ન પડી, –એવો જ એમનો અતિશય હતો. તીર્થંકરના દેહ ઉપર સીધો ઉપસર્ગ કોઈ કરી શકે નહીં.)

બહારમાં સંવરદેવ પહાડના પહાડ ઉખેડીને ફેંકતો હતો, પણ એ પથરા તો પ્રભુથી દૂર જ રહેતા હતા; ત્યારે એ જ વખતે પ્રભુ તો અંદરમાં ધ્યાન વડે કર્મપર્વતના ટુકડેટુકડા કરી નાંખતા હતા.

પથ્થરના વરસાદથી પણ પ્રભુ ન ડગ્યા, ત્યારે સંવરદેવે ધોધમાર પાણી વરસાવવા માંડયું. હમણાં જાણે આખી પૃથ્વી ડૂબી જશે–એમ દરિયા જેવું પાણી ઉભરાવા લાગ્યું. વનમાં ચારેકોર હાહાકાર થઈ ગયો; પશુઓ ભયભીત થઈને પ્રભુના શરણે બેસી ગયા. સંવરદેવ ક્રોધથી પારસમુનિરાજ ઉપર ઘોર ઉપસર્ગ કરી રહ્યો છે. –પણ પ્રભુ ઉપરના ઉપસર્ગને કુદરત સહન કરી ન શકી; ધરણેન્દ્રનું આસન કંપી ઉઠયું: અરે! આ ઇન્દ્રાસન કેમ ધ્રૂજે છે! ’ –અવધિજ્ઞાનથી તેને ખબર પડી કે અમારા પર પરમ ઉપકાર કરનારા પારસમુનિરાજ ઉપર અત્યારે સંવરદેવ ઘોર ઉપસર્ગ કરી રહ્યો છે....તરત જ ધરણેન્દ્ર અને પદ્માવતી ત્યાં આવ્યા ને ઉપસર્ગ દૂર કરવા તત્પર થયા.

એક તરફ સંવરદેવ દ્વેષથી ઉપસર્ગ કરી રહ્યો છે; બીજી તરફ ધરણેન્દ્રદેવ તથા પદ્માવતીદેવી ભક્તિરાગથી સેવા કરી રહ્યા છે, પ્રભુ તો રાગ–દ્વેષ બન્નેથી પાર પોતાની ચૈતન્યસાધનામાં જ તત્પર છે. એમને નથી સંવર ઉપર દ્વેષ, કે નથી ધરણેન્દ્ર પ્રત્યે રાગ; બહારમાં શું બની રહ્યું છે તેનું તેમને લક્ષ નથી. બહારમાં પાણીનો ધોધ વરસે છે તો પ્રભુના અંતરમાં ચૈતન્યના આનંદનો સાગર ઊછળી રહ્યો છે.

વહાલા વાંચક! અત્યારે ભગવાન ઉપર આવો ઉપસર્ગ દેખીને તને કદાચ એ કમઠના જીવ ઉપર ( સંવરદેવ ઉપર ) ક્રોધ આવી જતો હશે! –પણ સબુર! તું એના ઉપર ક્રોધ ન કરીશ. એ જીવ પણ હમણાં જ સમ્યગ્દર્શન પામીને ધર્માત્મા બનવાનો છે. જે પારસનાથ ઉપર તે ઉપસર્ગ કરી રહ્યો છે તે જ પારસપ્રભુના શરણમાં આત્માનો અનુભવ કરીને તે સમ્યગ્દર્શન પામશે; ને ત્યારે તને તેના પ્રત્યે બહુમાન જાગશે કે –વાહ! ધન્ય તે આત્મા, કે જેણે ક્ષણમાં પરિણામનો પલટો કરીને આત્માનો અનુભવ કર્યો. પરિણામ ક્ષણમાં પલટાવી શકાય છે. ક્રોધ કાંઈ આત્માનો સ્વભાવ નથી કે તે કાયમ ટકી રહે! તે ક્રોધથી જુદો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. ઉપસર્ગ વખતે પારસનાથે પણ કાંઈ કમઠના જીવ ઉપર ક્રોધ નહોતો કર્યો;– જો ક્રોધ કર્યો હોત તો તેઓ કેવળજ્ઞાન ન પામત. આ પ્રસંગદ્વારા મૌનપણે પણ પારસનાથ પ્રભુ એવો ઉપદેશ આપે છે કે હે જીવો! ઉપસર્ગ કરનારા પ્રત્યે પણ તમે ક્રોધ ન કરશો.....તમે શાંતભાવે તમારી આત્મસાધનામાં અડોલ રહેજો.

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં;
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.

–આવી અપૂર્વ મુનિદશામાં પ્રભુ વર્તી રહ્યા છે. ધન્ય એમની વીતરાગતા! ધન્ય એમની આત્મસાધના!

આ બાજુ સંવરદેવ તો, જાણે કે ભગવાનને પાણીમાં ડુબાડી દઉં–એમ ધોધમાર વરસાદ વરસાવી રહ્યો છે; ધરણેન્દ્ર અને પદ્માવતી અત્યંતભક્તિપૂર્વક પાણીમાં કમળની રચના કરીને પ્રભુને પાણીથી અદ્ધર રાખે છે, ને ઉપર મોટી ફેણવડે છત્ર રચે છે, અંદર પરભાવથી અલિપ્ત રહેનારા ભગવાન પાણીથી પણ અલિપ્ત જ રહ્યા.

અહા! ભગવાન તો આત્મસાધનાથી ન ડગ્યા તે ન જ ડગ્યા. સાત–સાત દિવસ સુધી ઉપસર્ગ કરીને અંતે સંવરદેવ થાક્યો.....છેવટના ઉપાય તરીકે તેણે ભયંકર ગર્જના સાથે વીજળીનો કડાકો કર્યો. બહારમાં વીજળીનો ઝબકારો થયો.....બરાબર એ જ વખતે પ્રભુના અંતરમાં કેવળજ્ઞાનની દિવ્ય વીજળી ત્રણલોકને પ્રકાશતી ઝળકી ઊઠી! એકાએક બધાય ઉપસર્ગ અલોપ થઈ ગયા ને સર્વત્ર આનંદ–આનંદ છવાઈ ગયો.

–એ મંગલદિવસ હતો ફાગણ વદ ૧૪.

ધરણેન્દ્ર અને પદ્માવતી જે ઉપસર્ગ દૂર કરવા માટે ચેષ્ટા કરતા હતા તે કાર્ય કેવળજ્ઞાનના પ્રતાપે આપોઆપ પૂરું થઈ ગયું. પ્રભુ ઉપસર્ગ વિજેતા થઈને કેવળી બન્યા; કેવળીને ઉપસર્ગ હોઈ નહીં. ઉપસર્ગ પૂરો થયો એટલે ધરણેન્દ્ર અને પદ્માવતીનું કામ પણ પૂરું થયું, ભગવાનના કેવળજ્ઞાનનો આવો દિવ્ય અતિશય દેખીને તેઓ અતિશય આનંદપૂર્વક પારસનાથપ્રભુની સ્તુતિ કરવા લાગ્યા; અહો પ્રભો! આપના કેવળજ્ઞાનનો કોઈ અદ્‌ભુત મહિમા છે. હે દેવ! આપ સમર્થ છો, અમે આપની રક્ષા કરનારા કોણ? પ્રભો! આપના પ્રતાપે અમે ધર્મ પામ્યા છીએ, ને આપે સંસારનાં ઘોર દુઃખોમાંથી અમારી રક્ષા કરી છે. પ્રભો! આપના નામ સાથે અમારું નામ દેખીને મૂર્ખ જીવો આપને ભૂલીને અમને પૂજવા લાગ્યા! પણ પૂજવાયોગ્ય તો આપના જેવા વીતરાગીદેવ જ છે. –આ પ્રમાણે સ્તુતિ કરી. ભગવાનને કેવળજ્ઞાન થતાં ઇન્દ્રોએ આવીને ભગવાનની પૂજા કરી, ને આશ્ચર્યકારી દિવ્ય સમવસરણની રચના કરી. જીવોનાં ટોળેટોળાં પ્રભુનો ઉપદેશ સાંભળવા સમવસરણમાં આવવા લાગ્યા.

આ બધી આશ્ચર્યકારી ઘટના દેખીને સંવરદેવના ભાવ પણ પલટી ગયા, કેવળી પ્રભુનો દિવ્ય મહિમા દેખીને તેને પણ શ્રદ્ધા જાગી; તેનો ક્રોધ તો ક્યાંય ચાલ્યો ગયો; પશ્ચાત્તાપથી તેણે વારંવાર પ્રભુ પાસે પોતાના અપરાધની માફી માંગી; અને સ્તુતિ કરવા લાગ્યો;


( કમઠના જીવને ધર્મપ્રાપ્તિ )

અહો, દેવ! મેં વિનાકારણ આટલો બધો ઉપસર્ગ કરવા છતાં આપે તો જરાય ક્રોધ ન કર્યો. ક્યાં આપની મહાનતા, ને ક્યાં મારી પામરતા! આવા મહાન ઇન્દ્રો જેવા પણ ભક્તિથી જેની સેવા કરે છે એવા સમર્થ હોવા છતાં આપે મારા પ્રત્યે ક્રોધ ન કર્યો અને ક્ષમા રાખી. ધન્ય આપની વીતરાગતા! એ વીતરાગતા વડે આપે કેવળજ્ઞાનને સાધ્યું ને આપ પરમાત્મા થયા. પ્રભો! મારા અપરાધ ક્ષમા કરો. અજ્ઞાનથી મેં ક્રોધ કર્યો ને ભવોભવ આપના પર ઉપસર્ગ કર્યો તેથી હું જ દુઃખી થયો, ને મેં નરકાદિનાં ઘોર દુઃખ

ભોગવ્યાં. **પ્રભો! આખરે ક્રોધ ઉપર ક્ષમાનો વિજય થયો છે. હવે ક્ષમાધર્મના મહિમાને મેં જાણ્યો છે. મારો આત્મા ઉપયોગસ્વરૂપ છે, તે આ ક્રોધથી જુદો છે-એમ આપના પ્રતાપે મને સમજાય છે.**

ભગવાને સમવસરણમાં જે ઉપદેશ આપ્યો તે સાંભળીને સંવરદેવ (કમઠનો જીવ) ભેદજ્ઞાન કરીને વિશુદ્ધ સમ્યગ્દર્શન પામ્યો. પારસપ્રભુના સંગે તે જીવ પાપી મટીને મોક્ષનો સાધક બન્યો. ધરણેન્દ્ર અને પદ્માવતી પણ સમ્યગ્દર્શન પામ્યા; એટલું જ નહીં, મહિપાલ–તાપસની સાથે જે સાતસો કુલિંગી તાપસો હતા તેઓ ખોટો માર્ગ છોડીને ધર્મનું સાચું સ્વરૂપ સમજ્યા, અને ભગવાનના ચરણોમાં સમ્યગ્દર્શન સહિત તે બધાએ સંયમ ધારણ કર્યો. કુગુરુ મટીને તેઓ સાચા જૈનગુરુ બન્યા. બીજા પણ કેટલાય જીવો ભગવાનના ઉપદેશથી સમ્યગ્દર્શન પામ્યા.

દેખો, મહાપુરુષોનો મહિમા! અનેક ભવસુધી પારસનાથનો સંગ કર્યો તો કમઠના જીવનો ઉદ્ધાર થઈ ગયો. શાસ્ત્રકાર કહે છે કે– મહાપુરુષોની સાથે મિત્રતાની તો શી વાત, શત્રુપણે એનો સંગ પણ અંતે તો હિતનું જ કારણ થાય છે.

કમઠનો જીવ ધર્મ પામ્યો ને ભગવાનની ભક્તિ કરવા લાગ્યો તે દેખીને લોકો આશ્ચર્યથી કહેવા લાગ્યા; વાહ! દેખો જિનપ્રભુનો મહિમા! કમઠને પણ અંતે તો પ્રભુના શરણે આવવું પડયું: 'પારસ'ના સંગે પાપી પણ પરમાત્મા બની જાય છે.

જેમ માછલું ઊછાળા મારીને સમુદ્રના પાણીને પીડિત કરે છે તોપણ અંતે તો તે પોતે સમુદ્રના આશ્રયે જ જીવી રહ્યું છે, તેમ કમઠના ક્ષુદ્ર જીવે વેરબુદ્ધિથી અનેક ભવ સુધી પીડા કરી પણ અંતે તો તે પ્રભુના જ શરણમાં આવીને ધર્મ પામ્યો. પ્રભુના આશ્રય વગર તે ક્યાંથી સુખી થાત? અહો, પ્રભુનું જ્ઞાન, પ્રભુની શાંતિ, પ્રભુની વીતરાગી ક્ષમા, એની શી વાત! પ્રભુની ગંભીરતા સમુદ્રથી પણ મહાન છે. હે પારસજિનેન્દ્ર! બધા તીર્થંકરો સમાન હોવા છતાં આપની જે વિશેષ પ્રસિદ્ધિ જોવામાં આવે છે તે તો એક કમઠને લીધે! –ઠીક છે, કેમકે અપકાર કરનારા શત્રુઓ વડે જ મહાપુરુષોની ખ્યાતિ ફેલાય છે! પ્રભો! સંવરદેવની ભયંકર વિક્રિયા વખતે પણ આપ ન તો આપની શાંતિમાંથી ડગ્યા, કે ન કમઠ ઉપર ક્રોધ કર્યો. આપે તો શાંતચિત્તવડે જ કમઠની વિક્રિયા દૂર કરી, ને જગતને બતાવ્યું કે **સાચો વિજય ક્રોધ વડે નહીં પણ ક્ષમાવડે જ પમાય છે.** કમઠના દુષ્ટભાવને લીધે તેને જ નુકશાન થયું, આપને તો આત્મસાધનામાં કાંઈ બાધા ન થઈ. ખરેખર, આપનો મહિમા અને આપની શાંતિ

આશ્ચર્યજનક છે. હે પ્રભો! આ ધરણેન્દ્ર અને પદ્માવતી બંને જીવો મહાન કૃતજ્ઞ છે, ઉપકારને જાણનારા છે ને ધર્માત્મા છે–એમ જગતમાં તેમની પ્રશંસા થાય છે, પણ અમારે એ શોધવું પડશે કે આપનો ઉપસર્ગ કઈ રીતે દૂર થયો? –શું ધરણેન્દ્રે તે દૂર કર્યો, કે આપના કેવળજ્ઞાનના પ્રતાપથી સ્વયમેવ તે દૂર થઈ ગયો? પ્રભો! ખરો પ્રતાપ તો આપનો છે. વાસ્તવિક પૂજ્ય તો આપ જ છો. ધરણેન્દ્ર અને પદ્માવતી તો અમારી જેમ જ આપના સેવક છે. આપના પ્રતાપે જ તેઓ ધર્મ પામ્યા છે. –આ પ્રમાણે ભક્તલોકો અનેક પ્રકારે પ્રભુનો મહિમા કરતા હતા, અને દિવ્ય ઉપદેશ સાંભળતા હતા.

અહા, સમવસરણમાં બિરાજમાન તીર્થંકર ભગવાનની શોભા આશ્ચર્યકારી હતી. ત્યાં દિવ્ય સિંહાસન હોવા છતાં ભગવાન તેને સ્પર્શ્યા વગર અધ્ધર આકાશમાં ‘અંતરીક્ષ’ બિરાજતા હતા. સિંહાસન કરતાં ઊંચે આકાશમાં બિરાજમાન નિરાલંબી ભગવાનને જોતાં જ ખ્યાલ આવતો હતો કે પુણ્યના ઉત્કૃષ્ટ ફળ કરતાંય ચૈતન્યગુણ ઊંચા છે; એ સિંહાસન ઉપર ન બેસીને ભગવાન જગતને એમ પ્રસિદ્ધ કરતા હતા કે પુણ્યફળરૂપ આ સિંહાસન આત્માને માટે અપદ છે–અપદ છે. રત્નજડિત સિંહાસન હોવા છતાં ભગવાન તો તેનાથી અલિપ્ત હતા; તેમને સિંહાસનનો આધાર ન હતો, પણ ઊલટું સિંહાસનની શોભા ભગવાનના પ્રતાપે હતી. એ જ રીતે બહારમાં સ્ફટિકનાં ત્રણ છત્ર ભલે શોભે પણ અંતરમાં પ્રભુનાં રત્નત્રયની શોભા કોઈ ઓર હતી. દેવોનાં દુંદુભીવાજાં કરતાંય પ્રભુની દિવ્ય ધ્વનિ વધુ મધુર હતી. પ્રભુના મુખનું પ્રભા–મંડળ ભલે સૂર્ય–ચંદ્ર કરતાં શોભે, પણ એમના કેવળજ્ઞાનની ચૈતન્યપ્રભાનાં તેજને તો સમ્યગ્દ્રષ્ટિઓ જ જાણતા હતા.

ભગવાનના સમવસરણમાં કલ્પવૃક્ષ હતા; દશવિધ ભોગની સામગ્રી દેનારાં ઉત્તમ કલ્પવૃક્ષ જોતાં મુમુક્ષુને એમ થતું કે અરે! આ કલ્પવૃક્ષ બાહ્યફળ દેનારાં છે, પણ સર્વજ્ઞદેવ તો એવા કલ્પવૃક્ષ છે કે જેની સેવાથી સમ્યગ્દર્શનાદિ ચૈતન્ય–રત્નો મળે! એટલે તે મુમુક્ષુઓ દશ–વિધ કલ્પવૃક્ષને દૂર છોડીને, કેવળજ્ઞાનરૂપી અજોડ કલ્પવૃક્ષની સમીપ દોડી જતા હતા, ને અપૂર્વ સમ્યક્ત્વાદિ રત્નો પામતા હતા. અહા, પ્રભુના ગુણમહિમાનું વર્ણન કોણ કરી શકે? એ વચનગોચર નથી, એ તો જ્ઞાનીઓને અનુભવગમ્ય છે.

ભગવાનનો ઉપદેશ કોઈ અદ્ભુત હતો, આત્માનો પરમ મહિમા સમજાવીને

તેની આરાધનાનો ઉપદેશ ભગવાન દેતા હતા. ભગવાને ઉપદેશમાં શું કહ્યું? તે ટૂંકમાં જોઈએ.

* જગતમાં જાણવાયોગ્ય તત્ત્વો કયા છે?

જીવ, અજીવ, પુણ્ય–પાપ–આસ્રવ–બંધ, સંવર–નિર્જરા–મોક્ષ એ ૯ તત્ત્વોને જાણવા જોઈએ.

* તેમાંથી કયા તત્ત્વોને ગ્રહવા ને કયા તત્ત્વોને છોડવા?

શુદ્ધજીવને ગ્રહવો; તથા સંવર–નિર્જરા–મોક્ષને ગ્રહવા; ને બાકીનાં તત્ત્વોને છોડવા. જીવ સદાય પોતાની ચેતના વડે જીવનારો છે.

* જીવને મોક્ષસુખની પ્રાપ્તિ કેમ થાય?

આત્માના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રવડે મોક્ષ થાય છે.

* જીવને પાપથી નરક, પુણ્યથી સ્વર્ગ, અને રત્નત્રયરૂપ વીતરાગધર્મથી મોક્ષ મળે છે.

–આવા મોક્ષમાર્ગનો ઉપદેશ ભગવાને આપ્યો. જે માર્ગે પોતે મોક્ષ પામ્યા તે જ વીતરાગમાર્ગ ભગવાને જગતને બતાવ્યો. ઘણા જીવો તે માર્ગ સમજીને ધર્મ પામ્યા; કેટલાય જીવો દીક્ષા લઈને મુનિ થયા; સિંહ–વાઘ–હાથી–વાંદરા–સર્પ વગેરે પશુના જીવો પણ આત્માને સમજીને વ્રતધારી થયા. આમ ચારેકોર ધર્મનો જયજયકાર થઈ ગયો.

ભગવાનના ધર્મદરબારમાં સ્વયભૂં સ્વામી વગેરે દશ ગણધરો હતા; ૩૫૦ શ્રુતકેવળી હતા; ૧૦,૯૦૦ ઉપાધ્યાય હતા; ૧૪૦૦ અવધિજ્ઞાની હતા; ૭૫૦ મનઃપર્યયજ્ઞાની હતા; ૧૦૦૦ કેવળજ્ઞાની હતા; ૧૦૦૦ ઋદ્ધિધારી મુનિવરો હતા; ૬૦૦ મુનિવરો વાદવિવાદમાં પારંગત હતા; કુલ સોળહજાર મુનિવરો હતા; અને છત્રીસ હજાર આર્જિકા હતાં, તેમાં સુલોચના નામના આર્જિકા મુખ્ય હતા. શ્રાવકો એકલાખ ને શ્રાવિકા ત્રણલાખ હતાં. સ્વર્ગના દેવો ને વનનાં પશુઓ પણ પ્રભુની વાણી સાંભળવા આવતા હતા, ને ધર્મ પામીને આત્માનો ઉદ્ધાર કરતા હતા.

શ્રી પારસનાથ તીર્થંકરે ૭૦ વર્ષ સુધી દેશોદેશ વિહાર કર્યો અને છેવટે સમ્મેદશિખર પર્વત પર પધાર્યા.



હવે તેમને મોક્ષમાં જવાને એક માસ બાકી હતો, એટલે તેમની વાણી અને વિહાર વગેરે ક્રિયાઓ અટકી ગઈ. સમ્મેદશિખરની સૌથી ઊંચી ટૂંક ઉપર પ્રભુ ઊભા હતા, ત્રીજું ને ચોથું શુક્લધ્યાન પૂરું કરીને તે અયોગી ભગવાન બીજી જ ક્ષણે ઊર્ધ્વગમન કરીને મોક્ષ પધાર્યા.....શરીર છોડીને અશરીરી થયા.....સંસારદશા છોડીને મહા આનંદરૂપ સિદ્ધદશારૂપ પરિણમ્યા. ભગવાન શ્રાવણ સુદ સાતમે મોક્ષ પધાર્યા હતા તેથી તેને 'મોક્ષસપ્તમી' કહેવાય છે. પારસનાથ ભગવાન મોક્ષ પધાર્યા તેથી તે પર્વતનું નામ પણ 'પારસનાથ–હીલ' પડયું. અને ત્યાંનું રેલ્વે સ્ટેશન પણ 'પારસનાથ' તરીકે આજે ઓળખાય છે. પર્વતની ટૂંકથી જે ભગવાન મોક્ષ પધાર્યા તે પથ્થરની ટૂંક પણ 'પારસ' ના સ્પર્શથી 'સુવર્ણ' ની બની ગઈ એટલે તેનું નામ 'સુવર્ણભદ્ર' પડયું. વીર સં. ૨૪૮૩ માં તથા ૨૪૯૩ માં કહાનગુરુ સાથે હજારો યાત્રિકોએ તે સિદ્ધિધામની યાત્રા કરી છે.

**ક્ષમામૂર્તિ હે દેવ જિનેશ્વર! શિખર સિદ્ધિધામ છે;**
**સમ્મેદશિખરના સ્વર્ણભદ્ર પર સિદ્ધાલયમાં વાસ છે.**
**નિજસ્વરૂપને સાધ્યું આપે ચેતનરસ ભરપૂર છે;**
**પ્રભુ પ્રતાપે આતમ સાધી હરખે હરિ ગુણ ગાય છે.**
**ગુણ તમારા દેખી પ્રભુજી મનડું મુજ લલચાય છે;**
**પારસપ્રભુ તુજ ચરણકમળમાં વંદન વારંવાર છે.**

卐 श्री पारसनाथ भगवानकी जय हो 卐

**( સમાપ્ત )**

**શ્રી પારસનાથ પ્રભુની આખી જીવનકથાનું પુસ્તક છપાઈને પ્રસિદ્ધ થયેલ છે; દશભવનું સુંદર વર્ણન એકસાથે વાંચવા માટે આ પુસ્તક ઘણું સુંદર છે. કિંમત એક રૂપિયો. ( પોસ્ટેજ ફી..... )**

**આ ઉપરાંત અકલંક-નિકલંક નાટકનું પુસ્તક પણ ફરી છપાયેલ છે. તેની કિંમત ૦-૭૫ પૈસા છે. ( પોસ્ટેજ ફી )....**

# અનંતા જીવો આત્માને જાણી-જાણીને મોક્ષ પામ્યા છે, તું પણ સમજવા માટે નિરંતર-ધૂન લગાડ.

[ ગઢડા : મહા સુદ ૯ તથા ૧૦ ( ૨૪૯૭ ) સ. ગા. ૩૮ ]

હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન-દર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે.

ધર્માત્માને પોતાના આત્માનો કેવો અનુભવ થયો તેનું વર્ણન આ ગાથામાં છે.

ધર્મી જાણે છે કે મારો આત્મા જ સર્વજ્ઞસ્વભાવી પરમેશ્વર છે; રાગ-દ્વેષથી વિરક્ત એવો જે જ્ઞાનસ્વભાવ છે તેનું ભાન કરીને, તેમાં એકાગ્રતા વડે આત્મા પોતે પરમેશ્વર થાય છે. એ સિવાય બીજો કોઈ ઈશ્વર આ આત્માને કંઈ આપી દ્યે-એમ નથી.

અરે, પોતામાં આનંદનાં ને જ્ઞાનનાં નિધાન ભર્યા છે પણ જીવ પોતે પોતાને ભૂલી ગયો છે. સુખની પ્રાપ્તિ તો અંતરના મંથન વડે થાય છે, શરીરના મંથન વડે સુખની પ્રાપ્તિ થતી નથી. પણ આવા આત્માનું ભાન ભૂલીને અજ્ઞાની અનાદિથી ઉત્મત્ત વર્તે છે. મોહને લીધે સ્વ-પરની ભિન્નતાનું ભાન ભૂલ્યો છે. અહીં તો હવે જેણે આત્માનું ભાન કર્યું છે એવા ધર્મીની વાત છે. તે જાણે છે કે અહા! મારો પ્રભુ તો મારામાં છે, મારો આત્મા જ પોતાની પ્રભુતા સહિત છે. ચામડાના વીંટાથી ચૈતન્યપ્રભુને ઓળખવો તે તો મુર્ખાઈ છે. મોહથી ઉન્મત જીવે પોતાની પ્રભુતાને ભૂલીને શુભ-અશુભ બધા ભાવો કર્યા છે, પણ અતીન્દ્રિય આનંદની ખાણ તો પોતામાં ભરી છે તેનો અનુભવ કદી નથી કર્યો. ભાઈ! અજ્ઞાનરૂપી અંધકારમાં શોધ્યે તારો આત્મા નહીં મળે; જ્ઞાનના પ્રકાશમાં શોધ તો જ આત્મા મળશે.

અવસ્થામાં અજ્ઞાન છે, તે અજ્ઞાનદશા જીવની પોતાની છે. અને જીવ પોતે જ સાચી સમજણ વડે તે અજ્ઞાનદશા દૂર કરીને, પોતાની પ્રભુતાને અનુભવે છે. -આવી બે પ્રકારની દશાઓ જીવમાં થાય છે; તેમાં અજ્ઞાનદશા છોડીને જ્ઞાની થયેલા જીવે પોતાના આત્માનો કેવો અનુભવ કર્યો-તેની આ વાત છે. ભગવાન આત્મામાં એવો ચમત્કારિક પરચો છે કે એમાં નજર કરતાં જ પરમ આનંદ થાય છે. જગતના બીજા કોઈ પદાર્થમાં એવો પરચો નથી. આવા આત્માનો અનુભવ કરતાં મોક્ષમાર્ગ ખુલે છે.

શ્રીફળના સફેદ–મીઠા ટોપરાની જેમ આત્મા આનંદના મીઠા રસથી ભરેલો સ્વચ્છ ચૈતન્યગોળો છે. જેમ છાલાં, કાચલી ને રાતી છાલ–એ ત્રણેથી જુદો ટોપરાનો ગોળો છે, તેમ દેહરૂપી છાલાં, આઠ કર્મરૂપી કાચલા અને રાગ–દ્વેષરૂપી રાતી છાલ–એ બધાથી જુદો આનંદમય ચૈતન્યગોળો આત્મા છે; તેનો અનુભવ કેમ થાય ? કે જ્ઞાનને તેમાં લઈ જાય તો તેનો અનુભવ થાય છે. વિરક્ત જ્ઞાની ગુરુ આવો આત્મા સમજાવે છે. –તેઓ 'નિરંતર' આવું સ્વરૂપ સમજાવે છે, એટલે કે સમજનાર શિષ્યને નિરંતર સમજવાની જિજ્ઞાસા છે. શ્રીગુરુ પાસેથી શિષ્યે જ્યાં સાંભળ્યું કે 'તારો આત્મા જ જ્ઞાનસ્વરૂપ પરમેશ્વર છે' –ત્યાં એનો ભણકાર અંદર લાગ્યો છે, ને એના અનુભવની નિરંતર ધૂન લાગી છે; એટલે શ્રીગુરુ પણ તેને નિરંતર એ જ સમજાવી રહ્યા છે એમ કહ્યું; ખરેખર તો શિષ્ય નિરંતર અંદરનો પ્રયત્ન કરે છે. આવા સ્વસન્મુખ પ્રયત્નવડે પોતાનો પરમેશ્વર પોતામાં પ્રાપ્ત થાય છે ને મોક્ષના ભણકાર વાગે છે.

જીવથી આવું થઈ શકતું હશે ?

હા; આવું કર્યું ત્યારે તો જીવો મુક્તિ પામ્યા છે. અનંતા જીવો આવા આત્માને જાણી–જાણીને મોક્ષ પામ્યા છે; ને જે કોઈ જીવો મોક્ષ પામશે તેઓ આવા આત્માને સમજીને જ મોક્ષ પામશે; બીજો કોઈ મોક્ષનો પંથ નથી.

( –એક હોય ત્રણકાળમાં પરમાત્માનો પંથ. )

અરે, તું પરમેશ્વર પોતે ! આત્મામાં જ્ઞાન–આનંદનો ભંડાર છે. જેમ ફૂલઝરણીમાં ફૂલ ખરવાની તાકાત છે; તેમાં ચીનગારી મૂકતાં ફૂલ ઝરે છે; તેમ આ આત્મા જ્ઞાન અને આનંદના અનંત ફૂલડાં ખરે એવી તાકાતવાળો છે, તેમાં ભેદજ્ઞાનરૂપી ચીનગારી મુકતાં જ અતીન્દ્રિય જ્ઞાન–આનંદથી શોભતા રત્નત્રય ફૂલડાં ખરે છે. આવો આત્મા શ્રીગુરુએ બતાવ્યો અને નિરંતર તેની ધૂનવડે શિષ્યે તેનો અનુભવ કર્યો.

સંસારના પ્રસંગમાં પણ લોકો પ્રતિકૂળતા આવતાં કોઈને કોઈ પ્રકારે સમાધાન કરી લ્યે છે. તો પોતાના જ્ઞાનસ્વભાવના લક્ષે આત્મામાં એટલી તાકાત છે કે અનંત પ્રતિકૂળતા વચ્ચે પણ આત્મા સમાધાન કરી શકે છે. કેમકે સુખ તો પોતાના સ્વભાવમાં છે, સુખ કાંઈ બહારથી નથી લેવું; એટલે સ્વભાવના લક્ષે ગમે તે પરિસ્થિતિમાં જીવ સુખનો અનુભવ કરી શકે છે.

આવો આત્મા પોતાના શુદ્ધભાવ વડે જ જણાય છે. ઇન્દ્રિયોથી કે શાસ્ત્રના શબ્દોના જાણપણાથી તે જણાય નહીં. જન્મ–મરણનો અંત લાવવો હોય ને મોક્ષનું સુખ જોઈતું હોય તેણે આત્માનું સ્વરૂપ સમજવું જોઈએ. એ સિવાય છૂટકારો નથી. આત્મા પોતે સહજાનંદ–સ્વરૂપ છે. તેને જાણતાં આનંદ થાય છે. આવા પોતાના આત્માને જાણે –શ્રદ્ધા કરે અને અનુભવ કરે ત્યાં ધર્મીને ખબર પડે છે કે મને આવો અનુભવ થયો છે, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટયો છે, તેમાં હવે કદી મોહ થવાનો નથી; મારા ચૈતન્યસ્વરૂપ સિવાય બીજું કાંઈ પણ પરદ્રવ્ય મને મારાપણે જરાય દેખાતું નથી. આવું ભેદજ્ઞાન તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે.

લોકો સત્ય નથી સમજતા તે બાબત જીવને બહુ ખેદ રહે છે, –પણ તે વેદન ઓછું કરી નાંખવા જેવું છે. કેમકે આત્માને લક્ષગત કરે એવા મુમુક્ષુ સદાય થોડા–વિરલા જ હોય છે. હજારો–લાખો જીવોમાં એવી મુમુક્ષુતા જોવાની અપેક્ષા રાખવી નકામી છે. માટે તે સંબંધી ખેદ ન કરવો. પણ કોઈ એકાદ જીવ પણ સાચો મુમુક્ષુ દેખાય તો તે સંબંધી પ્રમોદ–પ્રસન્નતા અને અનુકરણ કરવું–જેથી પોતાને પણ મુમુક્ષુતાનો ઉલ્લાસ વધે. બાકી દુનિયાના જીવો સામે તો જોવા જેવું ક્યાં છે? કેમકે–

**બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે;**
**રે! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મ-મોક્ષેચ્છા તને.**

-કુંદકુંદભગવાનનો આ ઉપદેશ છે. તેમના જમાનામાંય એવી પરિસ્થિતિ હતી, તો અત્યારના જમાનાની શી વાત?

વિશેષ તો પોતે પોતાનું હિત શીઘ્ર થાય તે જ કરવા જેવું છે. સ્વાનુભૂતિ તરફ ઊંડું કેમ ઊતરાય–તે જ પ્રયત્ન કરવાનો છે.

( –એક પત્રમાંથી )

# * વીતરાગ માર્ગનાં મધુરા વહેણ *

( પ્રવચનસાર ગા. ૧૭૨ ફત્તેપુર–પ્રવચનો : ગતાંકથી ચાલુ )

* પોતાનો કે પરનો આત્મા ઇન્દ્રિયોથી જાણી શકાતો નથી. પોતાના આત્માને સ્વસંવેદનથી જેણે પ્રત્યક્ષ કર્યો છે તે જ બીજા આત્માનું સાચું અનુમાન કરી શકે છે. જેણે પોતાના આત્માને અનુભવમાં લીધો નથી તે બીજા ધર્માત્માઓને પણ ઓળખી શકતો નથી. પ્રત્યક્ષપૂર્વકનું અનુમાન સાચું હોય છે. પ્રત્યક્ષ વગર એકલું અનુમાન તે સાચું નથી.

* સ્વસન્મુખ થઈને આત્માને પ્રત્યક્ષ કર્યા વગર જીવે બહારનાં જાણપણા અનંતવાર કર્યા, અને તેમાં સંતોષ માની લીધો. અરે, આત્માની પ્રત્યક્ષતા વગરનું જ્ઞાન તે ખરેખર જ્ઞાન જ નથી, એટલે ‘જ્યાં સુધી મારો આત્મા મને પ્રત્યક્ષ ન થાય ત્યાં સુધી મેં ખરેખર કાંઈ જ જાણ્યું નથી’ આમ જ્યાં સુધી જીવને પોતાનું અજ્ઞાનપણું ન ભાસે, ને બીજા પરલક્ષી જાણપણામાં પોતાની અધિકાઈ માનીને સંતોષાઈ જાય–ત્યાં સુધી આત્માનો સાચો માર્ગ જીવને હાથમાં ન આવે. અંતરમાં પરમસ્વભાવથી ભરેલો ભગવાન આત્મા, તેમાં સન્મુખ થયે જ પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે ને મોક્ષમાર્ગ હાથમાં આવે છે.

## સંતો કહે છે : તું ભગવાન છો

* ભાઈ, તારા આત્માની સામે જોયા વગર એટલે કે આત્માનું સ્વસંવેદન–પ્રત્યક્ષ કર્યા વગર, અજ્ઞાનદશાના ઊંચામાં ઊંચા શુભભાવ પણ તે કર્યા, અગિયાર અંગનું જાણપણું કર્યું, પણ એનાથી આત્માના કલ્યાણનો માર્ગ જરાપણ તારા હાથમાં ન આવ્યો. માટે જ્ઞાનને પરવિષયોથી ભિન્ન કરીને સ્વવિષયમાં જોડ. ઇન્દ્રિયજ્ઞાનના વેપારમાં એવી તાકાત નથી કે આત્માને સ્વવિષય બનાવીને જાણે. તું પરમાત્મા, તારે પોતે પોતાનું જ્ઞાન કરવા માટે ઇન્દ્રિયની કે રાગની પાસે ભીખ માંગવી પડે એવો ભીખારી તું નથી. અહા, સંતો કહે છે કે તું ભીખારી નથી પણ ભગવાન છો !

* અજ્ઞાનીઓને અનુમાનમાં આવી જાય એવો આ આત્મા નથી. એકલા પરજ્ઞેયને અવલંબનારું જ્ઞાન તે અજ્ઞાન છે, તે જ્ઞાન નથી. જ્ઞાનનો ભંડાર આત્મા, તે પોતે પોતાના જ્ઞાનસ્વભાવને અવલંબીને જે જ્ઞાનરૂપે પરિણમે તે જ જ્ઞાન મોક્ષને સાધનારું છે.

* આ શરીરને ઘટ કહેવાય છે, ઘડાની જેમ તે ક્ષણિક નાશવાન છે. તે ઘટ અને ઘટને જાણનારો–એ બંને એક નથી પણ જુદા છે. શરીરના અંગભૂત ઇન્દ્રિયો તે કાંઈ આત્માના જ્ઞાનની ઉત્પત્તિનું સાધન નથી. અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવી આત્મા છે, તેને સાધન બનાવીને જે જ્ઞાન થાય તે જ આત્માને જાણનારું છે. પુણ્ય–પાપ પણ એનું સ્વરૂપ નથી. અતીન્દ્રિયજ્ઞાન એવું નથી કે પુણ્ય–પાપને રચે. રાગની રચના તે આત્માનું કાર્ય નથી; આત્માનું ખરું કાર્ય ( એટલે કે પરમાર્થ લક્ષણ ) તો અતીન્દ્રિય જ્ઞાનચેતના છે; તે ચેતના સ્વરૂપે અનુભવમાં લેતાં જ આત્મા સાચા સ્વરૂપે અનુભવમાં આવે છે. આવા આત્માને અનુભવમાં લ્યે ત્યારે જ જીવને ધર્મ થાય.

* આત્મા સ્વયં ઉપયોગસ્વરૂપ છે; તેને પરનું આલંબન નથી; બહારથી તે ઉપયોગને લાવતો નથી. અંતરની એકાગ્રતા વડે જે ઉપયોગ કામ કરે તે જ આત્માનું સ્વલક્ષણ છે. આવા અતીન્દ્રિયજ્ઞાનનો ધણી ભગવાન અશરીરી આત્મા, તે પોતાને ભૂલીને શરીર ધારણ કરી કરીને ભવમાં ભટકે–એ તો શરમજનક છે, તે કલંક આત્માને શોભતું નથી. બાપુ! તું અશરીરી ચૈતન્યભગવાન, તારો ચૈતન્ય ઉપયોગ શરીરમાંથી, ઈન્દ્રિયોમાંથી કે રાગમાંથી આવતો નથી; આવા આત્માના સંસ્કાર અંતરમાં જેણે નાંખ્યા હશે તેને પરભવમાંય તે સંસ્કાર સાથે રહેશે. માટે વારંવાર અભ્યાસ કરીને આવા આત્માના સંસ્કાર અંતરમાં જેણે નાખ્યા હશે તેને પરભાવમાંય તે સંસ્કાર સાથે રહેશે. માટે વારંવાર અભ્યાસ કરીને આવા આત્મસ્વભાવના સંસ્કાર અંદરમાં દ્રઢ કરવા જેવા છે. બહારનાં ભણતરે એ જ્ઞાન આવતું નથી, એ તો અંતરના સ્વભાવથી જ ખીલે છે. અંતરમાં સ્વભાવના ઘોલનના સંસ્કાર વારંવાર અત્યંત દ્રઢ કરતાં તે સ્વસંવેદનપ્રત્યક્ષ થાય છે એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય છે. તે જ ધર્મની સાચી કમાણી છે, અને એવી ધર્મની કમાણીનો આ અવસર છે.

* આત્માનું ચિહ્ન જે ઉપયોગ, તેને કોઈ લઈ જઈ શકતું નથી; આત્માનો સહજ સ્વભાવ જેમ નિત્ય છે તેમ તેમાં અંતર્મુખ થઈને અભેદ થયેલો ઉપયોગ પણ

નિત્ય આત્મા સાથે અભેદ રહેશે, તેનો કોઈથી નાશ થઈ શકશે નહીં.

* અસ્તિત્વ, નિત્યત્વ અને સમાધિસુખથી ભરપૂર જે ઉપયોગસ્વરૂપ આત્મા, તેમાં જેને પ્રીતિ થઈ તેને ભિન્નરૂપ અનિત્ય એવા શરીરાદિ સંયોગોમાં આત્મબુદ્ધિ રહેતી નથી, ને તેના લક્ષે થતા રાગાદિ પરભાવોમાં પણ તેની પ્રીતિ ઊડી જાય છે. જ્ઞાનઉપયોગ અંતર્મુખ થઈને પોતાના અસ્તિત્વ–નિયત્વ અને સમાધિસુખના વેદનમાં લીન થયો, તે ઉપયોગ હવે બીજા કોઈથી હણાય નહીં. તે ઉપયોગ કાંઈ બીજા વડે થયો નથી કે બીજા વડે તે હરાઈ જાય.

* જેણે ઇન્દ્રિયમાં ને રાગમાં પોતાના ઉપયોગનું અસ્તિત્વ માન્યું, અથવા તે ઇન્દ્રિયથી ને રાગથી ઉપયોગની ઉત્પત્તિ થવાનું માન્યું, તે પોતાનો ઉપયોગ બહારથી આવવાનું માને છે; ઇન્દ્રિય અને રાગનો નાશ થઈ જતાં તેનો ઉપયોગ પણ નષ્ટ થઈ જશે. –પણ એવો પરાધીન ઉપયોગ આત્માનું સ્વરૂપ નથી; આત્માનો ઉપયોગ સ્વાધીન છે; સ્વાધીન–એટલે આત્માના આશ્રયે પ્રગટેલો ઉપયોગ આત્માથી કદી છૂટે નહીં, કોઈ તેને હરી શકે નહીં. આવો ઉપયોગ તે આત્માનું પરમાર્થસ્વરૂપ છે.

* અહો ! સર્વજ્ઞ ભગવાને ઉપયોગસ્વરૂપ આત્મા જોયો છે. નિત્ય ઉપયોગલક્ષણરૂપ પોતાનો આત્મા જેણે જાણ્યો તેણે સર્વજ્ઞને ઓળખ્યા, તેણે સર્વજ્ઞની આજ્ઞા જાણી. જે જીવ ઉપયોગસ્વરૂપ આત્માને અન્યરૂપે માને છે તે ભગવાનની આજ્ઞાથી વિરુધ્ધ છે. તે જીવ મિથ્યા માન્યતા વડે ક્ષણેક્ષણે ભાવમરણ કરીને આત્માના આનંદને હણે છે, તે હિંસા છે. તે હિંસા અને ભાવમરણથી આત્મા કેમ છૂટે ? કે પોતાના આત્માને નિત્ય ઉપયોગસ્વરૂપ જાણીને, તેમાં ઉપયોગને જોડે, તો તે ઉપયોગ કોઈથી હણાય નહીં; આનંદમય ઉપયોગથી જીવતો આત્મા, તેનું જીવતર કોઈથી હણાય નહીં, ભાવમરણ થાય નહીં. સુખનો ગંજ આત્મા છે, તે આવા ઉપયોગ વડે અનુભવમાં આવે છે, તેમાં કોઈ વિઘ્ન નથી. આવો નિર્વિઘ્ન ઉપયોગ તે મહાન આનંદરૂપ મંગળ છે.

* સ્વસન્મુખ થયેલો તે અતીન્દ્રિય ઉપયોગ, કર્મથી ને રાગથી છૂટો પડીને, પોતાના આનંદસ્વભાવમાં એવો લીન થયો છે કે તેને કોઈ આત્માથી છૂટો પાડી શકે નહીં. ધ્રુવમાં લીન થયેલો તે ઉપયોગ ધ્રુવ સાથે અભેદ થયો. –ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિને આવો ઉપયોગ પ્રગટે છે, આવો ઉપયોગ તે જીવનો ધર્મ છે.

* ઉપયોગમાં વિકાર નથી. જેમ સૂર્યના પ્રકાશમાં મેલ નથી તેમ આત્માના ઉપયોગપ્રકાશમાં રાગાદિરૂપ મલિનતા નથી. ઉપયોગ તો શુદ્ધસ્વરૂપ છે. રાગને ઉપયોગ જાણે ભલે, પરંતુ રાગની ને ઉપયોગની એકતા નથી પણ ભિન્નતા છે. જ્ઞાન તે રાગ નથી; રાગ તે જ્ઞાન નથી. જ્ઞાન તે આત્મા છે. ઉપયોગસ્વરૂપે પોતાના આત્માને અનુભવે તેમાં રાગાદિનો અત્યંત અભાવ છે; આવા આત્માનો અનુભવ તે જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. રાગ રાગમાં છે, જ્ઞાનમાં રાગ નથી. ધર્મી પોતાના જ્ઞાનપણે પોતાને અનુભવે છે; જ્યાં જ્ઞાન છે ત્યાં હું છું; રાગમાં હું નથી, ને જ્યાં હું છું ત્યાં રાગ નથી. આવું સ્પષ્ટ ભેદજ્ઞાન કરે ત્યારે જીવને ધર્મ થાય, એટલે કે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટે. આ સિવાય ધર્મ થાય નહીં.

## મોક્ષને માટે તુરત કરવા જેવું

* અહા, ચૈતન્ય ભગવાનની આ વાત! કયા શબ્દોથી તે કહેવી? એનો જે અંતરમાં ભાવ છે તે ભાવને લક્ષમાં લ્યે ત્યારે ચૈતન્યભગવાનની કિંમત સમજાય.....બાકી શબ્દોથી ગમે તેટલું કહેવાય તોપણ એનો પાર પડે તેમ નથી; ને શબ્દોના લક્ષે તે સમજાય તેવો નથી; શબ્દાતીત વસ્તુ, ઇન્દ્રિયાતીત ચૈતન્યવસ્તુ–તેમાં અંતરમાં ઉપયોગને લઈ જાય તો તેના પરમ આનંદનો અનુભવ થાય. બાકી શબ્દો તો શ્રવણેન્દ્રિયનો વિષય, ને આત્મા તો અતીન્દ્રિયજ્ઞાનનો વિષય,–ઇન્દ્રિયજ્ઞાનવડે તે પકડાય તેવો નથી. સ્વયં ઇન્દ્રિયોથી પાર–રાગથી પાર થઈને તારા આત્મામાં ઉપયોગને જોડ...તે ઉપયોગ રાગ વગરનો શુદ્ધ થયો, ઇન્દ્રિયના અવલંબન વગરનો અતીન્દ્રિય થયો, પ્રત્યક્ષ થયો, આનંદરૂપ થયો. આવો શુદ્ધોપયોગસ્વભાવી આત્મા તે સાચો આત્મા છે. આવા આત્માને નિર્ણયમાં લઈને અનુભવ કરવો તે જ મોક્ષને માટે કરવાનું છે. તે ત્વરાથી કરવા જેવું છે, તેમાં વિલંબ કરવા જેવું નથી. ધર્મી આવી ક્રિયાવડે મોક્ષને સાધે છે. આ સિવાય રાગની ક્રિયા કે શરીરની ક્રિયા તે ખરેખર આત્માની ક્રિયા નથી, તે આત્માની ધર્મક્રિયાથી જુદી છે. જન્મ–મરણનો અંત કરવાની ક્રિયા તો અંતરના શુદ્ધોપયોગમાં સમાય છે. રાગથી પાર અંતરના ચિદાનંદ સ્વભાવને જાણીને ધર્મી જીવ શુદ્ધોપયોગવડે અતીન્દ્રિય આનંદનો સ્વાદ લ્યે છે, તેમાં રાગાદિનો સ્વાદ લેતો નથી. આવા સ્વાદનો અનુભવ થાય ત્યારે આત્માને જાણ્યો કહેવાય, ત્યારે ધર્મ ને મોક્ષમાર્ગ થાય. માટે પહેલામાં પહેલું આવું આત્મજ્ઞાન ત્વરાથી કરવા જેવું છે.

# સ્વપ્નનું દુઃખ જાગૃત થતાં મટી ગયું

( સ્વપ્નમાં મરેલો ભાસ્યો તે જાગતા જીવતો જ છે. )

* * * * *

એક માણસ નિદ્રામાં સૂતો હતો; તેને સ્વપ્ન આવ્યું કે ‘હું મરી ગયો છું. ’ આ રીતે પોતાનું મરણ દેખીને તે જીવ ઘણો દુઃખી ને ભયભીત થયો.

કોઈ સજ્જને તેને જગાડયો; જાગતાંવેંત તેણે જોયું કે અરે, હું તો જીવતો જ આ રહ્યો. હું કાંઈ મરી નથી ગયો. સ્વપ્નમાં મને મરેલો માન્યો તેથી હું બહુ દુઃખી થયો, પણ ખરેખર હું જીવતો છું. આમ પોતાને જીવતો જાણીને તે આનંદિત થયો ને મૃત્યુ સંબંધી તેનું દુઃખ મટી ગયું. અરે, જો તે મરી ગયો હોત તો ‘હું મરી ગયો’ એમ જાણ્યું કોણે? જાણનારો તો જીવતો જ છે!

તેમ મોહનિદ્રામાં સૂતેલો જીવ, દેહાદિના સંયોગ–વિયોગથી સ્વપ્નની માફક એમ માને છે કે હું મર્યો, હું જન્મ્યો; હું મનુષ્ય થઈ ગયો, હું તિર્યંચ થઈ ગયો. તે માન્યતાને લીધે તે બહુ દુઃખી થાય છે પણ જ્ઞાનીએ જડ–ચેતનની ભિન્નતા બતાવીને તેને જગાડયો, જાગતાં જ તેને ભાન થયું કે અરે, હું તો અવિનાશી ચેતન છું ને આ શરીર જડ છે તે કાંઈ હું નથી; શરીરના સંયોગ–વિયોગે મારું જન્મ–મરણ નથી. આવું ભાન થતાં જ તેનું દુઃખ દૂર થયું ને તે આનંદિત થયો કે વાહ! જન્મ–મરણ મારામાં નથી, હું તો સદા જીવંત ચૈતન્યમય છું. હું મનુષ્ય કે હું તિર્યંચ થઈ ગયો નથી, હું તો શરીરથી જુદો ચૈતન્ય જ રહ્યો છું. જો હું શરીરથી જુદો ન હોઉં તો શરીર છૂટતાં હું કેમ જીવી શકું? હું તો જાણનાર સ્વરૂપે સદાય જીવંત છું.

જેમ સ્વપ્નમાં પોતાને મરેલો ભાસ્યો પણ જાગતાં તો જીવતો જ છે, તેમ અજ્ઞાનદશામાં પોતાને દેહરૂપ માન્યો તે જ્ઞાનદશામાં જુદો જ અનુભવે છે.

* * *

સ્વપ્નમાં મૃત્યુની માફક, સ્વપ્નમાં કોઈ દરિદ્રી જીવ પોતાને સુખી કે રાજા માને, પણ જ્યાં જાગે ત્યાં તો ખબર પડી કે એ સુખ સાચું ન હતું. તેમ મોહનિદ્રામાં સૂતેલો જીવ બાહ્ય સંયોગોમાં–પુણ્યમાં–રાગમાં જે સુખ માને છે તે તો સ્વપ્નના સુખ જેવું છે. જ્યાં ભેદજ્ઞાન કરીને જાગ્યો ત્યાં ભાન થયું કે અરે, બાહ્યમાં–રાગમાં ક્યાંય મારું સુખ નથી; તેમાં સુખ માન્યું તે તો ભ્રમ હતો, સાચું સુખ મારા આત્મામાં છે.

# * સિદ્ધપદની પ્રાપ્તિનું માંગલિક *

( પૃષ્ઠ ૩ થી આગળ )

**અહો, મોક્ષપુરીમાં બિરાજમાન સિદ્ધભગવંતો, તેમને જ્ઞાનદ્રષ્ટિવડે દેખીને મોક્ષગામી સાધકજીવો નમસ્કાર કરે છે. પોતાના આત્મામાં એવો સ્વભાવ છે તેને તો સ્વાનુભૂતિવડે દેખે છે; અને અનુભૂતિ સહિતના જ્ઞાનવડે સિદ્ધભગવાનનું સ્વરૂપ પણ ઓળખે છે. પહેલાં કહ્યું હતું કે-**

**'ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન પદ મેરો.'**

સિદ્ધભગવાન પોતાના મહાન સુખસમુદ્રમાં લીન છે. આવા સિદ્ધ ભગવાનની સ્તુતિ છે, –પણ તેને ઓળખ્યા કોણે ? કે જેણે અંતરમાં સિદ્ધ સમાન પોતાના નિજપદને સ્વાનુભૂતિવડે દેખ્યું તેણે જ સિદ્ધ ભગવાનને ખરેખર ઓળખ્યા. જ્ઞાનીઓ જ સિદ્ધ ભગવાનને ખરેખર ઓળખે છે. અહો, સિદ્ધસમાન મારા સ્વરૂપને અંતરમાં મેં દેખ્યું છે, જ્ઞાનકળા મને પ્રગટી છે, ને શિવમાર્ગને અમે સાધી રહ્યા છીએ–એવી નિઃશંકતાપૂર્વક આ સમયસાર નાટક પં. બનારસીદાસજીએ રચ્યું છે; કાવ્ય દ્વારા અધ્યાત્મરસનું ઝરણું વહેવડાવ્યું છે. સમયસાર દ્વારા શુદ્ધાત્માનું ઘોલન કરતાં–કરતાં મોક્ષ સધાય છે ને ભવવાસ મટે છે. –આવું આ સમયસાર તે તો મોક્ષનું શુકન છે.

સારૂં મકાન મળે ત્યાં લોકો કહે છે કે વિસામાનું સ્થાન મળ્યું. અહીં તો કહે છે કે ભાઈ ! મહાન સુખનો સમુદ્ર એવો આત્મા તે જ તારા વિશ્રામનું સ્થાન છે, તે જ આનંદનું ધામ છે. 'આનંદસ્વભાવી આતમરામ.' સિદ્ધભગવંતો પોતાના આનંદની અનુભૂતિમાં લીન છે, તેમને યાદ કરીને સાધક પોતાના આત્મામાં ઊતારે છે. સિદ્ધપ્રભુ તો કાંઈ ઉપરથી નીચે નથી આવતા, પણ પોતે પોતાના અંતરમાં સિદ્ધ જેવા પોતાના આત્માની અનુભૂતિ કરી ત્યાં સિદ્ધપણું પોતામાં જ દેખાયું. મારા આત્મામાં જ સિદ્ધપણું ભર્યું છે. આમ સ્વસન્મુખ થઈને સિદ્ધ ભગવાનની સ્થાપનાપૂર્વક આચાર્ય ભગવાને સમયસારની અપૂર્વ શરૂઆત કરી છે.

અહો, સિદ્ધદશા મહાન આનંદરૂપ.....તેના મહિમાની શી વાત ! તેની ભાવના ભાવતાં જ્ઞાની કહે છે કે–

**સાદિ-અનંત સમાધિ સુખમાં,**
**અનંત દર્શન-જ્ઞાન અનંત સહિત જો......**
**-અપૂર્વ અવસર એવો ક્યારે આવશે !**

**સાદિઅનંતકાળ સુધી અનંત જ્ઞાન ને અનંત સુખસહિત શોભાયમાન એવા સિદ્ધપદની પ્રાપ્તિનો અપૂર્વ અવસર અમને ક્યારે આવે? એટલે કે સ્વાનુભૂતિ વડે એવું સિદ્ધપદ પોતામાં દેખ્યું છે ને તેને અમે સાધી રહ્યા છીએ.**

**અહીં આત્માની સ્વાનુભૂતિ સહિત સિદ્ધભગવંતોને ઓળખીને નમસ્કાર કર્યા છે. આવા નમસ્કાર જ્ઞાની જ કરે છે. આ સિદ્ધપદની પ્રાપ્તિનું માંગળિક છે.**

**જેનામાં સુખ છે-તેને જાણતાં સુખ થાય છે.**
**જેનામાં સુખ નથી તેને જાણતાં સુખ થતું નથી.**

## સુખથી ભરપૂર ચૈતન્યલક્ષ્મીને લક્ષમાં લે

દુનિયાના વૈભવ કરતાં આત્માનો વૈભવ જુદી જાતનો છે. અરે, સંસારમાં લક્ષ્મી માટે જીવો કેટલા દગા–પ્રપંચ ને રાગ–દ્વેષ કરે છે! તેમાં જીવન ગુમાવે છે ને પાપ બાંધે છે. ભાઈ, તારા સ્વઘરની ચૈતન્યલક્ષ્મી મહાન છે, તેની સંભાળ કરને! તેમાં ક્યાંય દગા–પ્રંપચ નથી, રાગ–દ્વેષ નથી, કોઈની જરૂર નથી, છતાં તે મહા આનંદરૂપ છે. બહારની લક્ષ્મી મળે તોપણ તેમાંથી સુખ મળતું નથી. આ ચૈતન્યલક્ષ્મી પોતે મહા આનંદરૂપ છે. આવો અપાર વૈભવ આત્મામાં પોતામાં ભર્યો છે–એને લક્ષમાં લેતાં સુખ છે.




*** ગતાંકમાં પૂછેલ સાત પ્રશ્નોના જવાબ ***

(આ સાત પ્રશ્નોના જવાબ ૧૦૦ જેટલા બાળકોએ ઉત્સાહથી લખી મોકલ્યા છે, તેમને ધન્યવાદ! તેમનાં નામ આ જવાબના છેડે આપ્યાં છે.)

(૧) એવા જીવને શોધી કાઢો કે જે સ્વર્ગમાં ન હોય, નરકમાં પણ ન હોય, મનુષ્યમાં પણ ન હોય, ને તિર્યંચમાં પણ ન હોય.

ઉત્તરઃ– તે જીવ સિદ્ધભગવાન; સિદ્ધભગવંતો સંસારની ચારે ગતિથી પાર એવી મોક્ષગતિને પામ્યા છે. (કેટલાક બાળકોએ આનો જવાબ 'વિગ્રહગતિનો જીવ' લખ્યો છે, તે બરાબર નથી. વિગ્રહગતિ પણ ચારમાંથી કોઈ એક ગતિ જ છે; જેમકે દેવમાંથી કોઈ જીવ મનુષ્યમાં આવે તે જીવ દેવશરીર છોડીને જ્યારે વિગ્રહગતિમાં હોય ત્યારે તેને મનુષ્યગતિમાં ગણાય છે.)

(૨) આપણે નમસ્કાર–મંત્રમાં જે પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીએ છીએ, તેમાંથી કેવળજ્ઞાની કેટલા?

ઉત્તરઃ– અરિહંતભગવાન અને સિદ્ધભગવાન–એ બે પરમેષ્ઠી ભગવંતો કેવળજ્ઞાની છે. બાકીનાં ત્રણ પરમેષ્ઠીભગવંતો હજી કેવળજ્ઞાની થયા નથી પણ થોડા વખતમાં કેવળજ્ઞાની થશે.

(૩) કોઈ પણ પાંચ તીર્થક્ષેત્રનાં નામ આપો–જ્યાંથી કોઈને કોઈ જીવ મોક્ષ પામ્યા હોય?

ઉત્તરઃ– (૧) સમ્મેદશિખર (૨) ચંપાપુરી (મંદારગિરિ) (૩) ગીરનાર (૪) કૈલાસગિરિ (૫) પાવાપુરી–એ પાંચ તીર્થક્ષેત્રમાંથી ૨૪ તીર્થંકરભગવંતો મોક્ષ પામ્યા છે. આ ઉપરાંત બીજા તીર્થક્ષેત્રો નીચે મુજબ છે (–ત્યાંથી મોક્ષ પામનારા પ્રસિદ્ધ પુરુષોનાં નામ કૌંસમાં લખેલ છે.)–

**શત્રુંજય** (પાંડવભગવંતો), તારંગા (વરદત્ત–સાગરદત્તમુનિ), પાવાગઢ (લવ–કુશ), માંગી–તુંગી (ભગવાન રામચંદ્ર–હનુમાન વગેરે ૯૯ કરોડ), ગજપંથા (સાતબલભદ્ર), ચૂલગિરિ–બડવાની (ઇન્દ્રજીત–કુંભકર્ણ), સોનાગિરિ (નંગ–અનંગ આદિ સાડાપાંચકરોડ મુનિરાજ), ચેલણાનદીના કિનારે પાવાગિર–ઉન (સુવર્ણભદ્રાદિ ૪ મુનિરાજ), દ્રોણગિરિ (ગુરુદત્તાદિ મુનિવરો,) મુક્તાગિરિ (બીજું નામ મેંઢાગીરી; સાડાત્રણ કરોડ મુનિરાજ) નૈનાગિરિ–રેશંદીગીરી (વરદત્તાદિ પાંચ મુનિ), કુંથલગિરિ (દેશભૂષણ–કુલભૂષણ મુનિરાજ) ગુણાવા (ગૌતમસ્વામી), રાજગિરિ (વીરપ્રભુના અનેક ગણધરો તથા જંબુસ્વામી ?), પટના (સુદર્શન મુનિરાજ), મથુરા (જંબુસ્વામી વિદ્યુત્ચર આદિ પાંચસો મુનિ), શૌરીપુર (ચારમુનિરાજ), સિદ્ધવરકૂટ (બે ચક્રી, દશકામદેવ, સાડાત્રણકરોડ મુનિ) કુંડલગિર (અંતિમ કેવલી શ્રીધરસ્વામી), નર્મદા–રેવા નદીતટ (કરોડો મુનિવરો), ખંડગીરી–ઉદયગીરી (કલિંગદેશ ત્યાં કોટિશિલા અતિપ્રાચીન ગૂફા; જશરથરાજાના પુત્રો વગેરે પાંચસો મુનિ મોક્ષ પામ્યા છે.) (પૂ. ગુરુદેવ સાથેની તીર્થયાત્રાના પ્રતાપે આ બધા સિદ્ધક્ષેત્રોના દર્શન આપણને થઈ ગયા છે.....બાકી છે એક કૈલાસ !)

(૪) સૌરાષ્ટ્ર સહિતના ગુજરાત રાજ્યમાં આવેલા ચાર સિદ્ધક્ષેત્ર નીચે મુજબ છે–

૧. ગીરનાર (જુનાગઢ) જ્યાંથી બાવીસમા તીર્થંકર નેમનાથ ભગવાન તથા શ્રીકૃષ્ણના પુત્રો શંબુકુમાર વગેરે બૌંતેરકરોડ ને સાતસો મુનિવરો મોક્ષ પામ્યા છે. નેમપ્રભુની દીક્ષા તથા કેવળજ્ઞાન પણ અહીં થયા છે, ધરસેન આચાર્ય પણ અહીં બિરાજતા હતા. ઉદાસીન વૈરાગ્યનું અદ્ભુત અધ્યાત્મધામ છે.

૨. શત્રુંજય (પાલીતાણા) જ્યાંથી યુધિષ્ઠિર–ભીમ–અર્જુન એ ત્રણ પાંડવભગવંતો સહિત આઠકરોડ મુનિવરો મોક્ષ પામ્યા છે.

૩. તારંગા (મહેસાણા થઈને જવાય છે) ત્યાંથી વરદત્ત–સાગરદત્ત આદિ સાડાત્રણ કરોડ મુનિવરો મોક્ષ પામ્યા છે. અતિ રમણીય ધામ છે.

૪. પાવાગઢ (ચાંપાનેર; વડોદરાથી વીસ માઈલ છે.) ત્યાંથી રામચંદ્રજીના પુત્રો લવ–કુશ અને લાટદેશના રાજા વગેરે પાંચકરોડ મુનિવરો મોક્ષ પામ્યા છે. (ઘણાએ આબુ લખેલ છે પણ આબુ એ કોઈ સિદ્ધક્ષેત્ર નથી, તેમજ અત્યારે તે ગુજરાત રાજ્યમાં પણ નથી.)

( ૫ ) આપણે એક કેવળજ્ઞાની ભગવાનને શોધવા છે, –જે નથી સ્વર્ગમાં, નથી નરકમાં, નથી મનુષ્યલોકમાં, તો તે ક્યાં હશે ?

ઉત્તરઃ– સિદ્ધાલયમાં બિરાજમાન સિદ્ધભગવાન; (આ પ્રશ્નના જવાબમાં કેટલાકે ‘વિદેહક્ષેત્ર’ લખ્યું છે, –પણ તે બરાબર નથી. જો કે વિદેહક્ષેત્રમાં કેવળીભગવાન છે એ ખરું, પણ તે વિદેહક્ષેત્ર તો મનુષ્યલોકમાં આવી જાય છે, –જ્યારે આપણે તો મનુષ્યલોકની બહારના કેવળીભગવાનને શોધવાના હતા; તે તો સિદ્ધલોકમાં જ છે.

( ૬ ) પાંચ જ્ઞાનનાં નામ તો તમને આવડતા હશે ! હવે તે પાંચ જ્ઞાનમાંથી એક જીવ પાસે એક જ જ્ઞાન છે, ને બીજા જીવ પાસે ચાર જ્ઞાન છે, તો તેમાં મોટું કોણ ?

ઉત્તરઃ– મતિ–શ્રુત–અવધિ–મનઃપર્યય એ ચાર જ્ઞાન, અને પાંચમું કેવળજ્ઞાન; તેમાંથી જેમની પાસે એક જ જ્ઞાન છે તે તો કેવળીભગવાન છે, કેમકે કેવળજ્ઞાન સદા એકલું હોય છે, બીજા અધૂરા જ્ઞાન તેની સાથે રહેતા નથી; જ્યારે ચાર જ્ઞાનવાળા જીવ તે છદ્મસ્થ–મુનિ હોય છે, તેમને ઊંચામાં ઊંચું ૧૨મું ગુણસ્થાન હોય છે, તેમનું જ્ઞાન કેવળજ્ઞાન કરતાં અનંતમા ભાગનું છે. માટે જે જીવ પાસે એક જ જ્ઞાન છે તે શ્રેષ્ઠ છે.

( ૭ ) ૧૪ પગથિયાની એક સીડી. તેના ચોથા પગથિયા ઉપર ચડતાં જ ભગવાન દેખાય; અને તેરમે પગથિયે પહોંચતાં તો આપણે જ ભગવાન બની જઈએ.....એ સીડી કઈ ?

ઉત્તરઃ– ૧૪ ગુણસ્થાનરૂપ સીડી, તેનાં નામ આ પ્રમાણેઃ–

૧. મિથ્યાત્વ ૨. સાસાદન ૩. મિશ્ર ૪. અવિરત સમ્યક્ત્વ ૫. દેશવિરત ૬. પ્રમતસંયત ૭. અપ્રમત્તસંયત ૮. અપૂર્વકરણ ૯. અનિવૃત્તિકરણ અથવા બાદરસાંપરાય ૧૦. સૂક્ષ્મસાંપરાય ૧૧. ઉપશાંતમોહ ૧૨. ક્ષીણમોહ ૧૩. સયોગકેવળી ૧૪. અયોગકેવળી.

ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન થતાં જ સિદ્ધભગવાન જેવા પોતાના શુદ્ધઆત્માનું દર્શન થાય છે; ભગવાનની સાચી ઓળખાણ ત્યારે થાય છે. અને પછી તેરમું ગુણસ્થાન થતાં આત્મા પોતે અરિહંત ભગવાન થઈ જાય છે.

## પ્રશ્નોનાં જવાબ મોકલનાર બાળકોનાં નામ;-

પ્રદીપકુમાર જૈન રાજકોટ; પુષ્પેન્દ્ર જૈન; મીના જૈન સોનગઢ; ફાલ્ગુનીબેન જૈન અમદાવાદ;

નિતિન જૈન અમદાવાદ, અતુલ જૈન સોનગઢ; જિતેન્દ્ર જૈન સોનગઢ; સુરેશકુમાર ફત્તેપુર; અરૂણાબેન અમદાવાદ; પ્રદીપ-પંકજ, માલતીબેન-લતાબેન; નગીનચંદ્ર જૈન ઘાટકોપર; કિરણબેન; નિરંજન-સુરત; કાન્તીલાલ જૈન-મુનાઈ; અશોક જૈન-વઢવાણ; પાઠશાળાના બહેનો-સાબલી; ભીખુભાઈ-સાબલી; વીણાબેન જૈન-મુંબઈ ૬૪; પંકજકુમાર જૈન-સાબલી; આશાબેન જૈન-વીલેપારલે; અમૃત જૈન-બાઢરડાકલ; પંકજ જૈન; પ્રકાશ જૈન-કલકત્તા; શૈલેષકુમાર જૈન-લાઠી; ભરત જૈન-લાઠી; માનકુમારી જૈન -ઉદેપુર; બીપીનકુમાર જૈન-લાઠી; મીનાક્ષીબેન જૈન-વઢવાણ; ભરત વી. જૈન-લાઠી; હેમેન્દ્ર જૈન અમદાવાદ; રાજેન્દ્ર જૈન-સાબલી, ચતુરભાઈ-લીમડી-ડોળી, રૂમાલભાઈ જૈન-લીમડી; ચતુરભાઇ-ઉખરેલી; અશ્વિન જૈન-દાહોદ; ધર્મિષ્ઠા જૈન-મલાડ; હર્ષાબેન જૈન-જમશેદપુર; ચેતનાબેન કે. જૈન-મુંબઈ ૭; રૂપાબેન, સંજયકુમાર, જયદેવ-રાજકોટ; નીતીન-કાશ્મીરા-અંજના; રેણુકાબેન-વઢવાણ; જયેશકુમાર-રાજકોટ; કે એચ. જૈન -બેંગલોર; જસ્મીન જૈન-વઢવાણ; બિપિન જૈન-અમદાવાદ, રંજનબેન તથા ભારતીબેન એમ. જૈન-વઢવાણ; માલતીબેન જૈન-અમદાવાદ; ઉર્મિલાબેન જૈન-રાજકોટ, દર્શનાબેન જૈન-દાદર; હંસાબેન જૈન-મુંબઈ; ભારતીબેન જૈન-બેંગલોર; વનિતાબેન જૈન -જામનગર; શૈલાબેન જૈન-ગોરેગાંવ; કેતુ-સ્વાતિ-નિધિશ એચ. જૈન-અમદાવાદ; મીનાબેન કે. જૈન-ભાવનગર; સાધના જૈન-રાજકોટ; વિભાબેન-કિર્તિબેન જૈન -વાંકાનેર; પ્રતિમાબેન જૈન-ખંડવા, ઉર્મિલાબેન જૈન-રાજકોટ; મંજુલાબેન જૈન-લાઠી; માલતીબેન જૈન-સોનગઢ; સભ્ય નં. ૨૬૬૯ સાબલી લોપા મુદ્રાબેન-મુંબઈ; મુકેશ જૈન -વડોદરા; રમેશ નવનીત, રાજેન્દ્ર, ભરત, સરોજ, નીકાબેન, પ્રવીણા, વિજય, વસંત, ઉષાબેન, રમિલાબેન-જાંબુડી, રમીલાબેન જૈન-મુંબઈ; લીલાવંતીબેન-ગોંડલ; નરેશ જૈન-ગોંડલ, રંજનબેન વાડીલાલ-વઢવાણ; શૈલેષ આર. જૈન-જેતપુર, સત્યદેવ જૈન -ભાદ્રોડ; નવકેતન જૈન-મુડેટી, આશા અને દિલિપ જૈન-કલકત્તા.

નવા પ્રશ્નોઃ-

આ પ્રશ્નવિભાગ સૌને ખૂબ ગમ્યો છે, તેનાથી અવનવા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે; ઘણા બાળકો ઉત્સાહથી તેમાં ભાગ લઈ રહ્યા છે. તેથી અહીં બીજા સાત પ્રશ્નો રજુ કરીએ છીએ. ( સંપાદક આત્મધર્મ, સોનગઢ સૌરાષ્ટ્ર-એ સરનામે તા. ૧૫ મી સુધીમાં જવાબ લખી મોકલવા, નાના મોટા સૌ લખી શકે છે; વડીલોને પૂછીને પણ લખી શકાય છે. ઉત્સાહથી ભાગ લ્યો ને તમારા મિત્રોને પણ પ્રેરણા આપો.

પ્રશ્નઃ- ( ૧ ) તમારા આત્માના કોઈપણ પાંચ ગુણનાં નામ લખો- કે જે પુદ્ગલમાં ન હોય.

પ્રશ્ન ( ૨ ) નીચેના ચાર જીવો કયા ગુણસ્થાને હશે ?

૧. આત્માના ભાનસહિત સ્વર્ગમાંથી મનુષ્યમાં આવી રહેલો જીવ કયા ગુણસ્થાને હશે ?

૨. આ જીવોને ઈશ્વરે બનાવ્યા છે એવો ઉપદેશ કરનારા જીવ કયા ગુણસ્થાને હશે ?

૩. વસ્ત્ર પહેરીને આત્માની નિર્વિકલ્પ સામાયિકમાં બેઠેલો જીવ કયા ગુણસ્થાને હશે ?

૪. જેને મોહ પણ નથી અને જેને સર્વજ્ઞતા પણ નથી તે જીવ કયા ગુણસ્થાને હશે ?

પ્રશ્ન ( ૩ ) નીચેના ૧૯ અક્ષરમાં દીવાળી પર્વનું સૂચક એક વાક્ય છે–તે સરખું ગોઠવી આપો. ( તેમાં પહેલો વચલો અને છેલ્લો અક્ષર ફેરવવો નહીં. બાકીનાં અક્ષર આડાઅવળા છે તે સરખા ગોઠવી આપો–

**મ ગ ધા પુ ન વી થી રી વા વા મો ક્ષ ભ ર પા પ હા ર્યા છે.**

પ્રશ્ન ( ૪ ) આ ચોથા પ્રશ્નના જવાબમાં તમારે એક સુંદર વાક્યની રચના લખવાની છે– જેમાં નીચેના પાંચ શબ્દોનો સમાવેશ થવો જોઈએ–( એકથી વધુ વાક્ય પણ લખી શકાય છે. )

**મહાવીર રત્નત્રય વિપુલાચલ આત્મા સિદ્ધ**

પ્રશ્નઃ– ( ૫ ) ૧૪ ગુણસ્થાનમાંથી માત્ર છ ગુણસ્થાન એવા છે કે જે સદાય ભરપૂર રહે છે,–તે ગુણસ્થાન કયા ?

પ્રશ્નઃ– ( ૬ ) નીચેની વસ્તુઓમાંથી તમારામાં અત્યારે શું શું છે ? ને ભગવાનમાં શું શું છે ?

જ્ઞાન, રાગ, મોહ, શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન, અનંતગુણ,

ઉત્પાદ–વ્યય–ધ્રુવ, અરૂપીપણું, દુઃખ પૂર્ણસુખ,

પ્રશ્ન ( ૭ ) દર આઠ વર્ષે આપણો આત્મા અરિહંતપ્રભુના આત્માને એકવાર જરૂર સ્પર્શે છે. ( ક્ષેત્ર અપેક્ષાએ ) –તે કઈ રીતે ? ( નાના બાળકોને આનો જવાબ ન આવડે તો ન લખવો; પણ વડીલો પાસેથી સમજી લેવું. )

## * જૈન * ( અમે તો જિનવરનાં સંતાન ) * जैन *

તા. દશમી માર્ચથી વસ્તીપત્રક શરૂ થાય છે. વસ્તીપત્રકમાં દશમા ખાનામાં આપણે આપણો ધર્મ લખાવવાનો છે. દેખીતી રીતે જ આપણે સૌ જૈનોએ તેમાં ( J ) જૈન લખાવવાનું છે. આ સંબંધી સૂજ્ઞપાઠકોને ખૂબ કહેવાઈ ગયું છે. આજે તો ગુરુદેવ પાસેથી મળેલા ઉત્તમ સંસ્કારને લીધે કેટલાય હરિજનબંધુઓ પણ પોતાને જૈન કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તો જન્મથી જ જેમને “જૈન” નામ મળેલું છે તેઓ તો પોતાને જૈન જ લખાવે–એમાં શું કહેવાનું હોય ? જિનવરનાં સન્તાન થવાનું કોને ન ગમે ?

# ભાદ્રોડના હરિજનભાઈ સત્યદેવ જૈનનો પત્ર

“આનંદસાથ લખવાનું કે અમો અહિંયા ૧૫ મુમુક્ષુ ભાઈ બહેનો જૈનધર્મનો અભ્યાસ ગુરુદેવની દયાથી કરીએ છીએ. અમને જે ગુરુદેવે હરિજનમાંથી જૈન બનાવ્યા તે બદલ અમો ગુરુદેવના ભવોભવના ઋણી છીએ. અમો ગુરુદેવના શબ્દનો જયનાદ ગજાવીએ છીએ, ને રોજ જૈનસાહિત્યનો અભ્યાસ અમારી લઘુમતિથી કરીએ છીએ. તેમજ ઘણા ગામમાં અમારા હરિજનભાઈઓ જૈનમાર્ગે વળી રહ્યા છે. ભાદ્રોડ –રાણપરડા–કામળોલ–મોરચૂપણા–જાળીયા–સમઢીયાળા–ઘાણાના ૬૦–૭૦ માણસો માંસાહાર છોડીને જૈનધર્મમાં વળ્યા છે, ને હજી બીજા વળશે. ગુરુદેવની દયાથી અમે જૈનધર્મનો પ્રચાર કરી રહ્યા છીએ, અમે સૌ મુમુક્ષુઓ દર મહિને આત્મધર્મનો અભ્યાસ કરીએ છીએ. ઉમરાળાના હરિજનભાઈ શ્યામદેવ જૈનનો પત્ર આત્મધર્મમાં વાંચીને અમારી હરિજન કોમને ગૌરવ લેવા જેવું છે. ખરેખર જૈન તો એક સત્યનો રાહ છે; અને ગુરુદેવ કહાન સિવાય એનું સ્પષ્ટિકરણ કરનાર વર્તમાનકાળમાં ભાગ્યે જ કોઈ વિભૂતિ નીકળશે.” આટલું લખ્યા પછી ભાઈશ્રી સત્યદેવે જૈનધર્મ સંબંધી પંદર બોલમાં પોતાના ઉદ્ગારો લખ્યા છે તેમાં વીતરાગ વિજ્ઞાન, પંચ પરમેષ્ઠી ભગવાન, તીર્થંકર, રત્નત્રય, છ દ્રવ્ય, ઉત્પાદ–વ્યય–ધ્રુવ, દ્રવ્ય–ગુણ–પર્યાય, જડ–ચેતન, શુદ્ધ ખાનપાન અને સાત તત્ત્વોનું જ્ઞાન–એ જૈનધર્મનું રહસ્ય હોવાનો ઉલ્લેખ કર્યો છે. અને છેલ્લે છ દોહા લખ્યા છે–તેમાં લખે છે કે–

કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રનાં ગાતો તો હું જ્ઞાન.
એનાથી છોડાવિયો જય જય જય ગુરુ કહાન.
પરવશપણું છોડાવીને બનાવ્યો મુને ભગવાન,
અનેકાન્ત ઓળખાવીયો જયજયજય ગુરુ કહાન.
દ્રવ્યદ્રષ્ટિ દેઈને નક્કી કરાવ્યું નિજનિધાન,
આત્મરામ ઓળખાવિયો જયજયજય ગુરુકહાન.

(બંધુઓ, તમે જે ઉત્સાહથી જૈનધર્મનો આદર કરી રહ્યા છો ને વીતરાગી તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં રસ લઈ રહ્યા છો–તે પ્રશંસનીય છે. દુનિયાનાં સર્વોત્કૃષ્ટ વીતરાગી નિધાન પામવાનો માર્ગ કોઈ મહા ભાગ્યે હાથમાં આવ્યો છે. વધુ ને વધુ સત્સંગપૂર્વક આત્મહિતના માર્ગમાં તમે સૌ આગળ વધો એવી શુભેચ્છા.) –સંપાદક.

# અમે જિનવરનાં સંતાન

## ( બાલવિભાગ : નવા સભ્યોનાં નામ )

**તા. ૨૫ સુધીમાં આવેલા નામો આપવામાં આવ્યા છે; આપનું નામ ન આવ્યું હોય તો ફરીથી લખો. બાલવિભાગમાં દાખલ થવા માટે તમારું નામ -સરનામું-ઉંમર-અભ્યાસ અને જન્મ દિવસ લખી મોકલો. ફી માત્ર એટલી કે તમે ધર્મમાં ઉત્સાહથી રસ લ્યો. સરનામું-બ્ર. હરિલાલ જૈન-સોનગઢ ( સૌરાષ્ટ્ર )**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬૭૩ | પ્રફુલ્લ કેશવલાલ જૈન | ધ્રાંગધ્રા | ૨૬૯૨ | દિલીપકુમાર અમૃતલાલ જૈન | સાબલી |
| ૨૬૭૪ | નીતાબેન રસિકલાલ જૈન | વઢવાણ | ૨૬૯૩ | વીણાબેન ભાઈલાલ જૈન | મુંબઈ–૨૮ |
| ૨૬૭૫ | શૈલેશકુમાર રમણલાલ જૈન | ભીમન્ડી | ૨૬૯૪ | નીતાબેન ભાઈલાલ જૈન | મુંબઈ |
| ૨૬૭૬ | નવરત્નમલ પી. જૈન | બેંગલોર | ૨૬૯૫ | વિજયકુમાર ભાઈલાલ જૈન | મુંબઈ |
| ૨૬૭૭ | સાધનાબેન હીરાલાલ જૈન | રાજકોટ | ૨૬૯૬ | કોકિલાબેન મણિલાલ જૈન | મુંબઈ–૨૮ |
| ૨૬૭૮ | વીણાબેન જયંતિલાલ જૈન | વઢવાણ | ૨૬૯૭ | વિક્રમકુમાર મણિલાલ જૈન | મુંબઇ |
| ૨૬૭૯ | કલ્પક પ્રવીણચંદ જૈન | રાજકોટ | ૨૬૯૮ | રમેશકુમાર મણિલાલ જૈન | ” |
| ૨૬૮૦ | શૈલેષકુમાર મહાસુખલાલ જૈન | સુરેન્દ્રનગર | ૨૬૯૯ | નીલેશકુમાર અનીલકુમાર જૈન | ” |
| ૨૬૮૧ | વિક્રમકુમાર મહાસુખલાલ જૈન | ” | ૨૭૦૦ | પારૂલ અનીલકુમાર જૈન | ” |
| ૨૬૮૨ | હાર્દિકાબેન આર. જૈન | વીંછીયા | ૨૭૦૧ | પંકજ ઉમેદચંદ જૈન | ” |
| ૨૬૮૩ | હસ્મિતાબેન આર. જૈન | વીંછીયા | ૨૭૦૨ | ચેતન ઉમેદચંદ જૈન | ” |
| ૨૬૮૪ | પ્રફુલ્લાબેન રતિલાલ. જૈન | ” | ૨૭૦૩ | સંજય રતિલાલ જૈન | મુંબઈ–૨૮ |
| ૨૬૮૫ | શ્રીલેખાબેન રતિલાલ જૈન | ” | ૨૭૦૪ | સીમાબેન રતિલાલ જૈન | મુંબઈ |
| ૨૬૮૬ | બકુલકુમાર વી. જૈન | રાજકોટ | ૨૭૦૫ | ભરતકુમાર રીખવદાસ જૈન | ” |
| ૨૬૮૭ | વિનોદકુમાર ભોગીલાલ જૈન | ચોરીવાડ | ૨૭૦૬ | રાજુ મણિલાલ જૈન | ” |
| ૨૬૮૮ | સુરેખાબેન ભોગીલાલ જૈન | ચોરીવાડ | ૨૭૦૭ | રાજેશ હિંમતલાલ જૈન | મુંબઇ–૨૮ |
| ૨૬૮૯ | ચેતનાબેન ભોગીલાલ જૈન | ” | ૨૭૦૮ | વર્ષાબેન હિંમતલાલ જૈન | મુંબઈ–૨૮ |
| ૨૬૯૦ | મુકેશકુમાર બાબુલાલ જૈન | ” | ૨૭૦૯ | રાજચંદ્ર હિંમતલાલ જૈન | મુંબઈ |
| ૨૬૯૧ | નગીનદાસ સાંકળચંદ જૈન | ચોરીવાડ | ૨૭૧૦ | જાગૃતીબેન હિંમતલાલ જૈન | ” |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭૧૧ | ભાવનાબેન ડાહ્યાલાલ જૈન | મુંબઈ | ૨૭૩૦ | દેવાંગ રસિકલાલ જૈન | મુંબઈ |
| ૨૭૧૨ | વિજયકુમાર ડાહ્યાલાલ જૈન | ” | ૨૭૩૧ | પૂર્ણિમા છગનલાલ જૈન | મુંબઈ–૭૭ |
| ૨૭૧૩ | નીતાબેન જયંતિલાલ જૈન | મુબંઈ–૨૮ | ૨૭૩૨ | અશ્વિનકુમાર મણિલાલ જૈન | સાબલી |
| ૨૭૧૪ | ટીનુ જયંતિલાલ જૈન | મુંબઈ | ૨૭૩૩ | જ્યોત્સ્નાબેન મણિલાલ જૈન | ” |
| ૨૭૧૫ | નૈનાબેન જયંતિલાલ જૈન | ” | ૨૭૩૪ | વીણાબેન એલ જૈન | મુંબઈ–૬૪ |
| ૨૭૧૬ | રૂપલબેન જયંતિલાલ જૈન | ” | ૨૭૩૫ | ફાલ્ગુનીબેન સુબોધચંદ્ર જૈન | અમદાવાદ |
| ૨૭૧૭ | દીલીપકુમાર મનસુખલાલ જૈન | ” | ૨૭૩૬ | હંસાબેન જૈન | મુંબઈ–૧૬ |
| ૨૭૧૮ | વીરેન્દ્ર રમણિકલાલ જૈન | ” | ૨૭૩૭ | ભારતીબેન જૈન | બેંગલોર |
| ૨૭૧૯ | આશીષ ધીરૂભાઈ જૈન | ” | ૨૭૩૮ | હર્ષાબેન ચંદ્રકાંત જૈન | મદ્રાસ |
| ૨૭૨૦ | નીશીત ધીરૂભાઈ જૈન | ” | ૨૭૩૯ | રેણુકાબેન અમૃતલાલ જૈન | સણોસરા |
| ૨૭૨૧ | રાજુ મનુભાઈ જૈન | ” | ૨૭૪૦ | ભાવનાબેન અમૃતલાલ જૈન | ” |
| ૨૭૨૨ | રૂપલ રતિલાલ જૈન | ” | ૨૭૪૧ | ગૌતમકુમાર એ. જૈન | ” |
| ૨૭૨૩ | સોનલ રતિલાલ જૈન | મુંબઈ–૨૮ | ૨૭૪૨ | જયકાન્ત કાન્તિલાલ જૈન | ” |
| ૨૭૨૪ | ભરતકુમાર ચંપકલાલ જૈન | મુંબઈ | ૨૭૪૩ | આશાબેન નગીનદાસ જૈન | ” |
| ૨૭૨૫ | સંજયકુમાર ચંપકલાલ જૈન | ” | ૨૭૪૪ | હિતેન્દ્ર નગીનદાસ જૈન | જાંબુડી |
| ૨૭૨૬ | દીનીબેન મનુભાઈ જૈન | મુંબઈ–૨૮ | ૨૭૪૫ | પરેશકુમાર નંદલાલ જૈન | કોઈમ્બતૂર |
| ૨૭૨૭ | રેખાબેન શાંતિલાલ જૈન | ” | ૨૭૪૬ | ભરતકુમાર નંદલાલ જૈન | ” |
| ૨૭૨૮ | ગિરાબેન રસિકલાલ જૈન | મુંબઈ–૫૪ | ૨૭૪૭ | જયેશકુમાર નંદલાલ જૈન | ” |
| ૨૭૨૯ | રીટાબેન રસીકલાલ જૈન | મુંબઈ | ૨૭૪૮ | મનીષ મનહરલાલ જૈન | સોનગઢ |

* અમદાવાદ બાલ સભ્યોને સૂચના કરવામાં આવે છે કે તમારું પુસ્તક ખાડિયા દિગંબર જિનમંદિરમાં આપેલ છે ત્યાંથી મેળવી લેશો. એક ઘરના એકથી વધુ સભ્યો વચ્ચે પણ એક પુસ્તક મોકલેલ છે. વિશેષ માટે રોમેશકુમાર બી. જૈનનો સંપર્ક સાધશો.

* બંધુઓ, દરેક પત્રમાં તમે તમારું પૂરું સરનામું લખવાની ટેવ પાડો......જેથી સામી વ્યક્તિ તમારા પત્રનો જવાબ આપી શકે. ( કેટલાક પત્રોમાં નામ કે ગામ લખેલા નથી. )

* બાલસભ્યોને જન્મદિવસની ભેટ મોકલવાની જે યોજના હતી તે ગત દીવાળીએ પૂરી થઈ છે, ને આ વર્ષે તે યોજના મુલતવી રાખેલ છે.

# સમ્યગ્દર્શનના આઠ-અંગની કથા

**સમકિત સહિત આચાર હી સંસારમેં ઈક સાર।**
**જિનને કિયા આચરણ ઉનકો નમન સો સો વાર હૈ।।**
**ઉનકે ગુણોંકે કથનસે ગુણગ્રહણ કરના ચાહિયે।**
**અરુ પાપિયોંકા હાલ સુનકે પાપ તજના ચાહિયે।।**

*****

**પોતાના શુદ્ધ આત્માની અનુભૂતિ પૂર્વકની નિઃશંક શ્રદ્ધા જેને થઈ છે તે ધર્માત્માના સમ્યગ્દર્શનમાં નિઃશંકતાદિ આઠે નિશ્ચય અંગો સમાઈ જાય છે; તેની સાથે વ્યવહાર આઠ અંગો પણ હોય છે. જો કે બધા સમ્યગ્દ્રષ્ટિ જીવો નિઃશંકતાદિ આઠ ગુણ સહિત હોય છે, પણ તેમાંથી એકેક અંગના ઉદાહરણરૂપે અંજનચોર વગેરેની કથા પ્રસિદ્ધ છે; તેનાં નામ સમન્તભદ્ર સ્વામીએ રત્નકરંડ શ્રાવકાચારમાં નીચે પ્રમાણે આપ્યા છે. -**

अंजन निरंजन हुए उनने नहीं शंका चित धरी ।१।
बाई अनंतमती सतीने विषय आशा परिहरी ।२।
सज्जन उदायन नृपति वरने ग्लानि जीती भावसे ।३।
सत्-असत्का किया निर्णय रेवतीने चावसे ।४।
जिनभक्तजीने चोरका वह महादूषण ढंक दिया ।५।
जय वारिषेणमुनिश मुनिके चपल चितको थिर किया ।६।
सु विष्णुकुमार कृपालुने मुनिसंघकी रक्षा करी ।७।
जय वज्रमुनि जयवंत तुमसे धर्ममहिमा विस्तरी ।८।

મુમુક્ષુઓને સમ્યક્ત્વનો મહિમા જગાડે અને આઠઅંગના પાલનમાં ઉત્સાહ પ્રેરે તે માટે આ આઠ અંગની આઠ કથાઓ અહીં ક્રમસર આપવામાં આવશે, તેમાંથી પહેલી કથા અહીં રજુ થાય છે.

# ૧. નિઃશંકિત-અંગમાં પ્રસિદ્ધ અંજન ચોરની કથા

અંજનચોર! તે કાંઈ મૂળથી ચોર ન હતો; તે તો તે જ ભવે મોક્ષ પામનાર એક રાજકુમાર હતો. એનું નામ લલિતકુમાર. અત્યારે તો તે નિરંજન–ભગવાન છે, પણ લોકો એને અંજનચોર તરીકે ઓળખે છે.

તે રાજકુમાર લલિતને દુરાચારી જાણીને રાજ્યમાંથી કાઢી મૂક્યો હતો. તેણે એક એવું અંજન સિદ્ધ કર્યું કે જે આંજવાથી પોતે અદ્રશ્ય થઈ જાય; તે અંજનને લીધે તેને ચોરી કરવાનું સહેલું થઈ ગયું. અને તે અંજનચોર તરીકે પ્રસિદ્ધ થયો. ચોરી ઉપરાંત જુગાર અને વેશ્યાસેવન જેવા મહાન પાપ પણ તે કરતો હતો.

એકવાર તેની પ્રેમિકા સ્ત્રીએ રાણીનો સુંદર રત્નહાર દેખ્યો અને તેને એ હાર પહેરવાનું મન થયું. જ્યારે અંજનચોર તેની પાસે આવ્યો ત્યારે તેને કહ્યું કે જો તમને મારા ઉપર સાચો પ્રેમ હોય તો તે રત્નહાર મને લાવી આપો.

અંજન કહે–દેવી! મારે માટે તો તે રમત વાત છે. –એમ કહીને તે તો ચૌદશની અંધારી રાતે રાજમહેલમાં ઘૂસ્યો ને રાણીના ગળામાંથી હાર ઝૂંટવીને ભાગ્યો.

રાણીનો અમૂલ્ય રત્નહાર ચોરાઈ જવાથી ચારેકોર હાહાકાર થઈ ગયો. સિપાઈઓ દોડયા; તેમને ચોર તો દેખાતો ન હતો પણ તેના હાથમાં રહેલો હાર અંધારામાં ઝગમગતો હતો; તે દેખીને સીપાઈઓએ તેનો પીછો પકડયો. પકડાઈ જવાની બીકે હાથમાંનો હાર દૂર ફેંકીને અંજનચોર ભાગ્યો....ને સ્મશાનમાં જઈ પહોંચ્યો. એક ઝાડ નીચે થાક ખાવા ઊભો, ત્યાં તો તેણે આશ્ચર્યકારી ઘટના દેખી.

ઝાડ ઉપર શીકું ટાંગીને એક માણસ તેમાં ચડ–ઊતર કરતો હતો ને કંઈક બોલતો હતો. કોણ છે એ માણસ? ને આવી અંધારી રાતે અહીં શું કરે છે?

(વાંચક! ચાલો, આપણે અંજનચોરને થોડીવાર ઊભો રાખીને તે અજાણ્યા માણસને ઓળખી લઈએ.)

અમિતપ્રભ અને વિદ્યુત્પ્રભ નામના બે દેવો પૂર્વભવના મિત્રો હતા. અમિતપ્રભ તો જૈનધર્મનો ભક્ત હતો, ને વિદ્યુત્પ્રભ હજી કુધર્મમાં માનતો હતો. એક વખત તેઓ ધર્મની પરીક્ષા માટે નીકળ્યા. એક અજ્ઞાની તાપસને તપ કરતો

દેખીને તેની પરીક્ષા કરવા કહ્યું; અરે બાવાજી! પુત્ર વિના સદ્‌ગતિ થાય નહીં –એમ શાસ્ત્રમાં કહ્યું છે. –એટલે તે તાપસ તો તે ખોટાધર્મની શ્રદ્ધાથી વૈરાગ્ય છોડીને સંસાર ભોગવવા લાગ્યો; આ દેખીને વિદ્યુત્પ્રભને તે કુગુરુની શ્રદ્ધા છૂટી ગઇ .

પછી તેણે કહ્યું કે હવે જૈનગુરુની પરીક્ષા કરીએ! ત્યારે અમિતપ્રભે તેને કહ્યું–મિત્ર! જૈનસાધુઓ પરમ વીતરાગ હોય છે; એની તો શી વાત!! એની પરીક્ષા તો દૂર રહો–પરંતુ આ જિનદત્ત નામના એક શ્રાવક સામાયિકની પ્રતિજ્ઞા કરીને અંધારી રાતે આ સ્મશાનમાં એકલા ધ્યાન કરી રહ્યા છે, તેની તમે પરીક્ષા કરો.

તે દેવે અનેકપ્રકારે ભયાનક ઉપદ્રવ કર્યો, પણ જિનદત્તશેઠ તો પોતાની સામાયિકમાં પર્વતની જેમ અડગ જ રહ્યા; પોતાના આત્માની શાંતિમાંથી તેઓ જરાપણ ન ડગ્યા. અનેકપ્રકારના ભોગવિલાસ બતાવ્યા, તેમાં પણ તેઓ ન લલચાયા. એક જૈનશ્રાવકમાં પણ આવી અદ્‌ભુત દ્રઢતા દેખીને તે દેવ ઘણો પ્રસન્ન થયો; પછી શેઠે તેને જૈનધર્મનો મહિમા સમજાવ્યો કે દેહથી ભિન્ન આત્મા છે, તેના અવલંબને જીવ અપૂર્વ શાંતિ અનુભવે છે ને તેના જ અવલંબને તે મુક્તિ પામે છે. આથી તે દેવને પણ જૈનધર્મની શ્રદ્ધા થઈ. અને શેઠનો ઉપકાર માનીને, તેને આકાશગામિની વિદ્યા આપી.

તે આકાશગામિની વિદ્યાવડે જિનદત્તશેઠ દરરોજ મેરુતીર્થ પર જતા, અને ત્યાં અદ્‌ભુત રત્નમય જિનબિંબના, તથા ચારણઋદ્ધિધારી મુનિવરોનાં દર્શન કરતા; આથી તેમને ઘણો જ આનંદ થતો. એકવાર સોમદત્ત નામના માળીએ પૂછવાથી શેઠે તેને આકાશગામિની વિદ્યાની બધી વાત કરી, અને રત્નમય જિનબિંબનાં ઘણાં વખાણ કર્યાં. તે સાંભળીને માળીને પણ તેનાં દર્શન કરવાની ભાવના જાગી, અને પોતાને આકાશગામિની વિદ્યા શીખવવા કહ્યું. શેઠે તેને તે વિદ્યા સાધવાનું શીખવ્યું, તે પ્રમાણે અંધારી ચૌદશની રાતે સ્મશાનમાં જઈને તેણે ઝાડ સાથે શીકું લટકાવ્યું અને નીચે જમીન પર તીક્ષ્ણ અણીદાર ભાલા ખોડયા. હવે આકાશગામિની વિદ્યાને સાધવા માટે શીકામાં બેસીને, પંચ નમસ્કાર–મંત્ર વગેરે મંત્ર બોલીને તેણે શીકાની દોરી કાપી નાંખવાની હતી. પણ નીચે ભાલાં દેખીને તેને બીક લાગતી હતી, ને મંત્રમાં શંકા પડતી હતી કે કદાચ મંત્ર સાચો ન પડે ને હું નીચે પડું તો મારું શરીર ભાલાથી વીંધાઇ જાય! આમ શંકાને લીધે તે નીચે ઊતરી જતો; ને વળી પાછો એમ વિચાર આવતો કે શેઠે કહ્યું તે સાચું હશે! –એમ વિચારી પાછો શીકામાં બેસતો. આમ વારંવાર તે શીકામાં ચડઊતર કરતો હતો; પણ નિઃશંક થઈને તે દોરી કાપી શકતો

ન હતો. ( જેમ ચૈતન્યભાવની નિઃશંકતા વગર શુદ્ધ-અશુદ્ધના વિકલ્પો વચ્ચે ઝુલતો જીવ નિર્વિકલ્પ અનુભવરૂપ આત્મવિદ્યાને સાધી શકતો નથી, તેમ મંત્રના સંદેહમાં ઝુલી રહેલો તે માળી મંત્રને સાધી શકતો ન હતો. )

–એવામાં અંજનચોર ભાગતો ભાગતો ત્યાં આવી પહોંચ્યો; અને માળીને વિચિત્રક્રિયા કરતો દેખીને તેણે પૂછયું– 'એલા ભાઈ ! આવી અંધારી રાતે આ તમે શું કરો છો ? સોમદત્ત માળીએ તેને બધી વાત કરી. તે સાંભળતાંવેંત તેને મંત્ર પર પરમ વિશ્વાસ બેસી ગયો, અને કહ્યું કે લાવો ! હું એ મંત્ર સાધું. એમ કહીને શ્રદ્ધાપૂર્વક મંત્ર બોલીને તેણે નિઃશંકપણે શીકાની દોરી કાપી નાંખી...............આશ્ચર્ય ! નીચે પડવાને બદલે વચમાં જ દેવીઓએ તેને ઝીલી લીધો......અને કહ્યું કે મંત્ર ઉપર તમારી નિઃશંક શ્રદ્ધાને લીધે તમને આકાશગામિની વિદ્યા સિદ્ધ થઈ છે; હવે આકાશમાર્ગે તમે જ્યાં જવું હોય ત્યાં જઈ શકો છો.

અંજન તો હવે ચોર મટીને જૈનધર્મનો ભક્ત બન્યો; તેણે કહ્યું કે જિનદત્તશેઠના પ્રતાપે મને આ વિદ્યા મળી છે, તેથી તેઓ જે ભગવાનના દર્શન કરવા જાય છે તે ભગવાનના દર્શન કરવાની મારી ઈચ્છા છે, ને ત્યાં જઈને તેઓ શું કરે છે તે જોવાની ઈચ્છા છે.

( બંધુઓ અહીં એક વાત ખાસ લક્ષમાં લેવા જેવી છે; અંજનચોરને આકાશગામિની વિદ્યા સિદ્ધ થઈ ત્યારે, તેને ચોરીના ધંધા માટે તે વિદ્યાનો ઉપયોગ કરવાની દુર્બુદ્ધિ ન જાગી, પણ જિનબિંબના દર્શન વગેરે ધર્મકાર્યમાં જ તેનો ઉપયોગ કરવાની સદ્બુદ્ધિ તેને સૂઝી.....એ જ તેના પરિણામનો પલટો સૂચવે છે, અને આવી ધર્મરુચિના બળે આગળ વધીને તે સમ્યગ્દર્શનાદિ પામે છે. )

વિદ્યા સિદ્ધ થતાં અંજને વિચાર્યું કે અહા ! જે જૈનધર્મના એક નાનકડા મંત્રથી મારા જેવા ચોરને પણ આવી વિદ્યા સિદ્ધ થઈ, તો તે જૈનધર્મ કેવો મહાન હશે ! તેનું સ્વરૂપ કેટલું પવિત્ર હશે ! ચાલ, જે શેઠના પ્રતાપે મને આ વિદ્યા મળી તે જ શેઠ પાસે જઈને હું તે ધર્મનું સ્વરૂપ સમજું; અને તેમની પાસેથી એવો મંત્ર શીખું કે જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય. –આમ વિચારી વિદ્યાના બળે તે મેરુપર્વત પર પહોંચ્યો.

ત્યાં રત્નોના અદ્ભુત અરિહંતભગવંતોની વીતરાગતા દેખીને તે ઘણો જ પ્રસન્ન થયો. જિનદત્તશેઠ તે વખતે ત્યાં મુનિવરોનો ઉપદેશ સાંભળી રહ્યા હતા. અંજને

તેમનો ઘણો ઉપકાર માન્યો ને મુનિરાજનો ઉપદેશ સાંભળીને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજી, તેની નિઃશંકશ્રદ્ધાપૂર્વક નિર્વિકલ્પ અનુભવ કરીને તે સમ્યગ્દર્શન પામ્યો, એટલું જ નહીં પૂર્વનાં પાપોનો પશ્ચાત્તાપ કરીને તેણે મુનિરાજ પાસે દીક્ષા લીધી; સાધુ થઈને આત્મધ્યાન કરતાં કરતાં તેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું; ને છેવટે કૈલાસગિરિપરથી મોક્ષ પામીને તેઓ સિદ્ધ થયા....... 'અંજન' માંથી તેઓ 'નિરંજન' બની ગયા. તેમને નમસ્કાર હો.

(આ કથા જૈનધર્મની નિઃશંક શ્રદ્ધા કરીને તેની આરાધના કરવાનું આપણને શીખવે છે.) (સમ્યગ્દર્શન પુસ્તક ૪ માંથી)

મારા બંધુઓ, અને બહેનો! તમે આ કથા વાંચી......તમને તે જરૂર ગમી હશે......કથા વાંચતા પા કલાકમાં પણ કેવા મજાના ઉત્તમ સંસ્કાર તમને મળ્યા! તમને પણ કેવી સારી ભાવના જાગી! એ તો તમે જાતે જોયું ને!

હા; તો હવે એક વાત તમને પૂછું છું: માત્ર પા કલાકમાં જ આ કથા વાંચવાથી તમને જે ઉત્તમ સંસ્કાર મળ્યા, તેવા સંસ્કારનો છાંટોય અઢી કલાકની ફિલ્મ જોવાથી તમને મળે છે ખરો? નહીં જ; સંસ્કારનો છાંટો તો દૂર રહ્યો, ઉલટા કુસંસ્કાર મળે છે.

તો પછી રોજરોજ આવી ઉત્તમ ધર્મકથાઓ વાંચો ને સીનેમા જોવાનું છોડી દો –તો તમને કેટલો લાભ થાય?

સીનેમા જોવામાં તો કેટલું ખર્ચ! ઘણીવાર ટીકીટ મેવવવાનીયે લાચારી! આંખને નુકશાન; અને બદલામાં અઢી કલાકસુધી એકલી વિષયવાસનાને પોષનારા પાપસંસ્કાર! વ્હાલા બાળકો! તમે જાગો.....ને એ પાપસંસ્કારોથી પાછા વળો......તમારા મિત્રોને પણ આગ્રહપૂર્વક અટકાવો.....આપણાં પૂજ્ય પુરુષો ધાર્મિકસાહિત્યમાં ઉત્તમ સંસ્કારનો જે અમૂલ્ય વારસો મુકી ગયા છે તે સંભાળો....ને સુખી બનો.

(–અત્યારે જ નક્કી કરો કે સીનેમા કદી જોઈશું નહીં, ને ઉત્તમ ધાર્મિક સાહિત્ય રોજ વાંચશું. –ધન્યવાદ!)

સમ્યક્ત્વાદિ રત્ન જેનાથી પ્રાપ્ત થાય તે જ ધર્મની સાચી કમાણી.
એક સમયની કમાણી તે અનંત મોક્ષસુખને દેનારી.

# * વીંછીયા શહેરના પ્રવચનોમાંથી *

આ આત્મા ચૈતન્યહંસ છે. જેમ હંસ સાચા મોતીના ચારા ચરનારો છે, તેમ આ ચૈતન્યહંસ રાગરૂપી કાંકરા છોડીને જ્ઞાન–આનંદરૂપી સાચા મોતીના ચારા ચરનારો છે. સમ્યગ્દર્શનાદિ રત્નત્રયરૂપ જે સાચા મોતી તેને જ્ઞાની હંસ ચરે છે–તેમાં કેલિ કરે છે. જેમ હંસની ચાંચમાં દૂધ અને પાણીને જુદા કરી નાંખવાની તાકાત છે, તેમ જ્ઞાની–હંસ ભેદજ્ઞાનરૂપી ચાંચવડે જ્ઞાન અને રાગને જુદા કરીને જ્ઞાનને જ અનુભવે છે. આત્મા પોતે પોતાના અતીન્દ્રિય જ્ઞાનવડે સ્વયં (બીજા કોઈની સહાય વગર) પોતાને જાણે –અનુભવે–પ્રકાશે એવો પ્રકાશ–સ્વભાવ આત્મામાં ત્રિકાળ છે.

આત્મા એવો નથી કે પોતે પોતાને ન જાણે. પોતે પોતાને પ્રત્યક્ષ જાણે–અનુભવે એવો આત્મા છે. ઇન્દ્રિયોવડે નહીં, બાહ્યજ્ઞાનવડે નહીં પણ અંતરના અતીન્દ્રિય જ્ઞાનવડે આત્મા પોતે પોતાને સ્પષ્ટ જાણે છે, ને તેને જાણતાં આનંદ થાય છે. માટે કહે છે કે ‘તું તને જાણ.’ બહારનું બીજું અનંતવાર જાણ્યું પણ જાણનારે પોતે પોતાને ન જાણ્યો. તેથી પોતાના અજ્ઞાનથી રખડયો; તેને હવે નિજ શક્તિનો વૈભવ બતાવીને સંતો કહે છે કે ભાઈ! ૐ ધ્વનિમાં ભગવાને તારું સ્વરૂપ એવું બતાવ્યું છે કે આત્મા પોતે પોતાને સાક્ષાત્ પ્રત્યક્ષ જાણે છે. આવા સ્વભાવની સન્મુખ થઈને શ્રદ્ધા કરતાં પરમ આનંદ સહિત પ્રત્યક્ષ સંવેદન પ્રગટે છે. આવું સંવેદન તે જ મોક્ષમાર્ગ છે, તે જ ધર્મ છે.

જેમ શરીરને ધોળો–રાતો–કાળો વગેરે વાન હોય છે, તેમ આત્માનો વાન કેવો છે? તો કહે છે કે આત્મા જ્ઞાનવાન છે; જ્ઞાન તે જ આત્માનું રૂપ છે. જ્ઞાનવાન આત્મા જ્ઞાનવડે જ અનુભવાય છે. ને આવા જ્ઞાનનો અનુભવ કર્યા સિવાય બીજા કોઈ શુભાશુભ કર્મકાંડથી આત્માનો ધર્મ હાથમાં આવતો નથી.

આત્મા પોતે સુખસ્વભાવથી ભરપૂર ચૈતન્ય સત્તા છે; તેને ન માનતાં, સુખ પરમાં માને છે તે પોતાના ચૈતન્યસત્તારૂપ જીવનને હણે છે. પોતાની સત્તા–જીવવું–ટકવું જે રીતે છે તેનો સ્વીકાર ન કર્યો તેમાં પોતાની ભાવહિંસા થઈ. પોતાનું જીવન તો જ્ઞાનમય–આનંદમય છે, તેને બદલે રાગરૂપ ને પરરૂપ માન્યો એટલે પોતાના જ્ઞાન–આનંદમય જીવનની હિંસા થઈ. તેનું ફળ સંસારની ચારગતિનાં દુઃખ છે.

આત્મા પોતે પોતાના ચૈતન્યજીવનને ઓળખે તો તેના આનંદનો સ્વાદ આવે, ને સુખમય જીવન પ્રગટે. ધર્મ રોકડિયો છે, જ્યારે ધર્મ કરે ત્યારે જ અંતરમાં તેના રોકડા ફળરૂપ આનંદનું વેદન પોતાને થાય છે ને પોતાને તેની ખબર પડે છે.

અહો, આત્માની ચૈતન્યશક્તિનો વિકાસ એવો અચિંત્ય છે કે જેને કોઈ કાળ કે ક્ષેત્રની મર્યાદા નથી; જે વિકાસ થયો તેમાં જરાય સંકોચ નથી, તે કદી કરમાતો નથી. અનંત કાળને તથા અનંત ક્ષેત્રને એકસાથે જાણી લ્યે એવી તાકાતવાળો ચૈતન્યનો વિલાસ છે. એવી પોતાની અમર્યાદિત તાકાતનો જેને ભરોસો આવ્યો તે થોડાક ઉઘાડમાં કે રાગમાં કેમ રોકાય? રાગથી પાર થઈને અંતરના પૂર્ણસ્વભાવની સન્મુખ થયો ત્યારે આવી નિજશક્તિની પ્રતીત થઈ; અને પ્રતીત થતાં જ આત્માની શક્તિનો વિકાસ થયો. બધાય ગુણોમાં આવો પરિપૂર્ણ વિકાસ થવાનો સ્વભાવ છે.

અનંત શક્તિસંપન્ન આત્મવસ્તુ, તે અખંડપણે જ્યાં શ્રદ્ધામાં આવી ત્યાં તેના સર્વે ગુણોમાં નિર્મળ પરિણમન શરૂ થયું. અનંતાગુણોની શુદ્ધીના અંશનું વેદન થયું તેને સમ્યક્ત્વ કહે છે.

આત્મામાં સંખ્યાથી પણ અનંત શક્તિઓ છે; કાળથી પણ તે અનંત છે; અને ભાવથી તે દરેક શક્તિ અનંત સામર્થ્યવાળી છે; તેનું ક્ષેત્ર આત્મા જેટલું અસંખ્ય પ્રદેશી છે.

જ્ઞાનાદિ શક્તિમાં એવું અનંત સામર્થ્ય છે કે જેનો વિકાસ થતાં કળા કે ક્ષેત્રની મર્યાદા વગર બધું જ જાણે; તેને કોઈ મર્યાદા ન હોય, સંકોચ ન હોય; જ્ઞાનનો વિકાસ પૂર્ણ જ્ઞાનરૂપ હોય, તેમાં વચ્ચે રાગની આડશ ન હોય. એમ આનંદશક્તિનો વિકાસ અનંત આનંદરૂપ છે; શ્રદ્ધા પોતાના અનંત સ્વભાવને સ્વીકારવાની અનંત તાકાતવાળી છે. જ્ઞાનસ્વરૂપ આત્માનો કોઈ પરમ અદ્ભુત વિલાસ છે, કે જેના વિકાસમાં કોઈ સંકોચ નથી. એકવાર વિકાસ થયા પછી ફરીને કદી તેમાં સંકોચ થતો નથી. આવા અદ્ભુત આત્મવૈભવને લક્ષમાં લ્યે તો જગતમાંથી મહિમા ઊડી જાય ને તેમાં સુખબુદ્ધિ છૂટી જાય. હે જીવ! તને આવા નિજવૈભવનો કરિયાવર આપીને સંતો મોક્ષમાં તેડી જાય છે. તારા આવા સતનો સ્વીકાર કર! તારામાં છે તેનો વિશ્વાસ કરીને તેમાં લક્ષ કર. એટલે તારી શક્તિ નિર્મળપણે ખીલી ઊઠશે.

શરીરનો વિકાસ જડરૂપ છે. રાગનો વિકાસ રાગરૂપ ને દુઃખરૂપ છે; ચૈતન્યનો

વિકાસ પરમ આનંદરૂપ ને સર્વજ્ઞતારૂપ છે. ભગવાનને સર્વજ્ઞતા ને અતીન્દ્રિય આનંદ પ્રગટયો તે ક્યાંથી આવ્યો? અંદર શક્તિ હતી તેનો વિકાસ થયો. તેમ દરેક આત્મામાં તેવી શક્તિ છે, ને તે જ વિકાસ પામીને સર્વજ્ઞતારૂપે ને પૂર્ણ આનંદરૂપે ખીલે છે. એવી ખીલે છે કે ફરી કદી કરમાય નહિ, સંકોચાય નહીં.

અહા, ચૈતન્યનો પ્રવાહ–તેના વિસ્તારમાં વચ્ચે રાગ ન હોય, ચૈતન્યનો વિસ્તાર ચૈતન્યરૂપ જ હોય. સૂતેલા ચૈતન્યને જાગૃત કરવા માટે જિનવાણી માતા આ તેનાં ગુણનાં ગાણાં–હાલરડાં ગાય છે. અરે આત્મા! તું જાગ......તારા નિજગુણને જો.....ને આનંદિત થા.

તારા નિજગુણ સ્વયંસિદ્ધ છે; તે અન્યથી કરાતા નથી ને અન્યને કરતા નથી. તારા ગુણનું નિર્મળ કાર્ય તારા પોતાથી થાય છે. બીજું કોઈ તેનું કારણ નથી; તેમજ તારાગુણની નિર્મળ પરિણતિ કોઈ બીજા ભાવને કરતી નથી. તારા કારણ–કાર્ય તારામાં જ સમાય છે.

અરે જીવ! તારો આત્મા ચૈતન્યસમુદ્ર તેમાં અનંત ગુણરત્નો ભરેલા છે. તે ગુણમાં ક્યાંય રાગનો પ્રવેશ નથી. તારું શુદ્ધદ્રવ્ય અનંતા શુદ્ધ ગુણો અને તેની શુદ્ધ પર્યાયો તેમાં તારું અસ્તિત્વ પૂરું થાય છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ તારી સ્વતંત્ર સત્તા છે. તેમાં બીજાનું કાંઈ કાર્ય નથી. સ્વાધીન આત્મા પોતાની અનંત શક્તિને વિશ્વાસમાં લઈને પરિણમે તે મોક્ષમાર્ગ છે ને તેમાં રાગાદિનો અભાવ છે.

*****

## અમર આતમરામ

નિજ આત્માને જાણ્યા વિના બહુ દુઃખને પામ્યો અરે!
સિદ્ધ સુખને ઝટ પામવા જિન–ભાવના ભાવું હવે.
સંતો કરે છે ધ્યાન જેનું પરમ જ્ઞાયક ભાવ હું,
કદી મરણને પામું નહીં, છું અમર આતમરામ હું.

# વૈરાગ્ય સમાચાર

* વઢવાણના ભાઈશ્રી શાંતિલાલ પોપટલાલ તા. ૬–૨–૭૧ ના રોજ ભાવનગર ઈસ્પિતાલમાં સ્વર્ગવાસ પામ્યા છે. કેટલાય વર્ષોથી તેઓ સોનગઢમાં પૂ. ગુરુદેવની છાયામાં રહેતા હતા અને સોનગઢ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના મંત્રી તરીકે તેમણે અનેક વર્ષો સુધી સંસ્થાની સેવા કરી હતી. છેલ્લા કેટલાક વખતથી તેઓ બિમાર રહેતા. સોનગઢમાં તા. ૫ ની રાત્રે બિમારીથી બેશુદ્ધ થઈ જતાં તેમને ભાવનગર ઈસ્પિતાલમાં લઈ જવાયા હતા, ત્યાં તા. ૬ ની રાત્રે તેઓ સ્વર્ગવાસ પામી ગયા. વીતરાગી દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* ખાંભાના બેન લીલાવંતીબેન કાંતિલાલ ઘેલાણી (ઉ. વ. ૫૭) (તે ઉમેદભાઈ નાગરભાઈના મોટાબેન) તા. ૬–૨–૭૧ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. સવાત્રણ કલાકના ઓપરેશન પછી પણ તેઓ બોલેલા કે હું શુદ્ધિમાં છું, શરીરનું કામ શરીરમાં થાય છે. તેઓ અવારનવાર સોનગઢ આવતા; અને આત્મધર્મ વગેરે ધાર્મિક સાહિત્ય પ્રેમથી વાંચતા હતા. તેઓ વીતરાગી દેવ–ગુરુના શરણે આત્મહિત પામો.

* ઉમરાળાના ભાઈશ્રી નગીનદાસ દીપચંદ તા. ૨–૨–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. થોડા દિવસ પહેલાં તેમને દર્શન દેવા ગુરુદેવ ભાવનગર પધાર્યા હતા. તેમના ધર્મપત્ની ધનલક્ષ્મીબેને છેવટ સુધી તેમને ધર્મશ્રવણ કરાવ્યું હતું. વીતરાગી દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* દિલ્હીવાળા દીપકકુમાર જૈનના દાદીમા મણિબેન (ઉ. વ. ૮૨) તા. ૧૦–૧–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. આટલી ઉંમરે પણ તેઓ રોજ આત્મધર્મ તથા આત્મવૈભવનું વાંચન સાંભળતા અને બહુ પ્રમોદ તથા ભક્તિભાવ દર્શાવતા. તેઓને કાંઈ બિમારી ન હતી; હાર્ટફેઈલથી તેઓ સ્વર્ગવાસ પામી ગયા. વીતરાગી દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* વઢવાણવાળા કાનજીભાઈના બહેન અને અમીચંદ અમૃતલાલના મોટા માતુશ્રી (ઉં. વ. ૮૧) કલોલ મુકામે માગશર સુદ એકમે સ્વર્ગવાસ પામ્યા છે. અંતિમ દિવસ સુધી તેમણે અપૂર્વઅવસર વગેરેનું શ્રવણ કર્યું હતું. વીતરાગી–દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* રાજકોટના કોઠારી ન્યાલચંદ લીલાધરના ધર્મપત્ની વ્રજકુંવરબેન (તેઓ ઝબકબેન રામજીના બેન) તા. ૨૮–૧–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. કેન્સરની બિમારી છતાં ટેપરેકર્ડિંગ દ્વારા તેઓ ગુરુદેવના પ્રવચન સાંભળતા હતા. વીતરાગી દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* સલાલવાળા અમૃતલાલ ચુનીલાલના સુપુત્ર ભાઈશ્રી રસિકલાલ વીસ વર્ષની યુવાન વયે તા. ૩–૨–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ધાર્મિક ઉત્સાહથી ઉત્સવોમાં તેઓ ભાગ લેતા હતા. વીતરાગી દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* અમદાવાદના ભાઈશ્રી મંગળદાસ કેશવલાલ ૮–૨–૭૧ ના રોજ એકાએક હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા. તેઓ અવારનવાર ગુરુદેવના પ્રવચનોનો લાભ લેતા હતા; છેલ્લે માગશર માસમાં પણ અમદાવાદ મુકામે પ્રવચનમાં શ્રીમદ્ રાજચંદ્રના દશ અધ્યાત્મ બોલનું વિવેચન સાંભળીને પ્રસન્ન થયા હતા. વીતરાગી દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* મોરબીના ભાઈશ્રી ચંદુલાલ ત્રિભુવનદાસ ઘડિયાળી (ઉં. વ. ૬૫) ૩–૨–૭૧ ના રોજ હૃદય રોગના હૂમલાથી એકાએક સ્વર્ગવાસ પામી ગયા હતા. મોરબી મુમુક્ષુ મંડળના તેઓ એક વડીલ, ટ્રસ્ટી અને ઉપપ્રમુખ હતા. તેઓ ખૂબ જ ભલા માણસ, અને સેવાભાવી હતા; દરરોજ નિયમિત સ્વાધ્યાય–પૂજન કરતા. અવારનવાર સોનગઢ આવીને રહેતા; તીર્થયાત્રામાં સાથે રહીને અનેક પ્રકારે સેવાઓ કરતા; પોન્નૂર તીર્થધામના પુનરોદ્ધાર સંબંધી કામકાજની વ્યવસ્થા માટે તેઓ લગભગ દોઢમાસ ત્યાં જઈને રહ્યા હતા. ગીરનારધામ પ્રત્યે તેમને વિશેષ અનુરાગ હતો અને ત્યાંના ટ્રસ્ટી થવા માટે તેમને નિમંત્રણ પણ આવ્યું હતું. આ લખનારના તેઓ એક સાથીદાર અને સલાહકાર વડીલ જેવા હતા. મુંબઈ–અમદાવાદ– ભાવનગર–સોનગઢ–રણાસણ–વગેરેમાં જ્યાં જ્યાં પ્રતિષ્ઠા મહોત્સવ હોય ત્યાં તેઓ પાણી વગેરેની વ્યવસ્થામાં ખાસ સેવા આપતા હતા; એમાં પણ સોનગઢમાં માનસ્તંભ–પ્રતિષ્ઠા–મહોત્સવ વખતે ચૈત્ર માસના ધોમ તડકામાં પાયેલું ઠંડું પાણી આજે ૧૮ વર્ષે પણ લોકો યાદ કરે છે. તેમના નિમિત્તે મોરબીના વિશાળ ઘડિયાળી પરિવારને ધર્મના ઉત્તમ સંસ્કાર મળ્યા છે. મોરબીમાં તેઓ એટલા પ્રસિદ્ધ હતા કે ત્યાંના દિગંબર જિનમંદિરને શરૂ શરૂમાં તો લોકો 'ચંદુભાઈનું જિનમંદિર' કહીને ઓળખતા હતા. સ્વર્ગવાસની થોડી જ

વાર પહેલાં તેમણે સોનગઢસંબંધી ને ગુરુદેવસંબંધી બધા સમાચાર પૂછયા, ધર્મચર્ચા કરી, ને પછી છાતીમાં દુ:ખાવો ઊપડતાં થોડી જ વારમાં હાર્ટફેઈલ થઈ ગયું ને સ્વર્ગવાસ પામી ગયા. તેમનામાં સત્સંગની ભાવના ને સાધર્મીપ્રેમ પ્રશંસનીય હતા; તેઓ ઘણા વખતથી નિવૃત્તિ ભાવના ભાવતા હતા. તેમની ભાવનામાં આગળ વધીને તેઓ શીઘ્ર આત્મહિત સાધે એમ ભાવના ભાવીએ છીએ.

–બ્ર હ. જૈન (મોરબીવાળા)

* સોનગઢના ભાઈશ્રી ભગવાનદાસ ત્રિભુવનદાસ દામાણી (તેઓ હીરાભાઈ ભગતના નાનાભાઈ) તથા તેમના ધર્મપત્ની એ બંને સોનગઢમાં માત્ર બે દિવસના અંતરે અનુક્રમે મહા વદ ૯ તથા ૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. વીતરાગી દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* મોટા આંકડિયાવાળા ભાઈશ્રી છોટાલાલ નાનચંદ વોરા (તેઓ કલકત્તાવાળા બાલુભાઈ ત્રિભુવનદાસ વોરાના પિતરાઈ ભાઈ) કલકત્તા મુકામે ગતમાસમાં સ્વર્ગવાસ પામ્યા છે. વીતરાગી દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

*****

## સાચું માથું ને સાચા કાન

જે કાન સત્પુરુષના ગુણગાનની કથા સાંભળવામાં પ્રવર્તે છે તે જ ઉત્તમ કાન છે. પણ જે કાન કુકથા કે સાધર્મીની નિંદા સાંભળવામાં પ્રવૃત્ત છે તે ખરેખર કાન નથી પણ દુર્ગતિનું દ્વાર છે.

જે માથું સત્પુરુષના ગુણની પ્રશંસા સાંભળતાં ડોલી ઊઠે છે તે જ માથું ધન્ય છે, બાકીનાં માથાં તે તો થોથા નાળિયેર જેવાં છે.

## જોઈએ છે

શ્રી જૈન અતિથિ સેવા સમિતિનો તેના ભોજનગૃહ સાથેનો વહીવટ સંભાળી શકે તેવા જૈન મેનેજરની તુરતમાં નિમણુંક કરવાની છે. ઉમેદવારે પોતાનો અનુભવ, ઉંમર તથા જોઈતો પગાર અરજીમાં લખી નીચેના સરનામે મોકલવી.

પ્રમુખ, શ્રી જૈન અતિથિ સેવા સમિતિ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

બોલ મા બોલમા બોલ મા રે...
આત્મહિત વિના બીજું બોલ મા...

# જ્યારે રાજકુમારો પહેલી જ વાર બોલ્યા, -શું બોલ્યા ?

ભરત ચક્રવર્તી ચિન્તામાં છે....અનેક રાણીઓ ચિન્તામાં છે; કેમકે તેમના અનેક રાજકુમારો કાંઈ બોલતા જ નથી. જન્મ્યા ત્યારથી મૂંગા જ છે, વર્ષો વીત્યા છતાં એકપણ શબ્દ તેમના મોઢામાંથી હજી સુધી નીકળ્યો નથી. રાજકુમારો બોલે તે માટે અનેક યુક્તિ ઉપાયો કર્યા, પણ તેઓ તો ન બોલ્યા તે ન જ બોલ્યા. અરે, ચક્રવર્તીના રૂપાળા રાજકુમારો, શું જીંદગીભર મૂંગા જ રહેશે!! શું તેઓ નહિ જ બોલે? –એની ચિંતામાં ભરત ચક્રવર્તી વર્તતા હતા.

એવામાં ભગવાન ઋષભદેવ અયોધ્યાપુરીમાં પધાર્યા.....ભરત રાજા તેમના દર્શન કરવા ગયા....સાથે એ મુંગા રાજકુમારોને પણ તેડી ગયા. (સમવસરણમાં તીર્થંકરનો એવો અતિશય હોય છે કે ત્યાં મૂંગા પણ બોલતા થાય છે, આંધળા દેખતા થાય છે.) રાજાએ ભગવાનના દર્શન કર્યા, રાજકુમારોએ પણ ભક્તિભાવથી પોતાના દાદાના દર્શન કર્યા. –પરંતુ હજી સુધી તેઓ કાંઈ બોલ્યા નથી.

આખરે ભરતચક્રવર્તીએ પૂછયું–હે પ્રભો! મહા પુણ્યશાળી એવા આ રાજકુમારો, કાંઈ બોલતા કેમ નથી? શું તેઓ મૂંગા છે?

ત્યારે ભગવાનની વાણીમાં આવ્યું–હે ભરત! એ કુમારો મૂંગા નથી; જન્મથી જ વૈરાગ્યચિત્તને લીધે તેઓ કાંઈ બોલતા ન હતા. પણ હવે હમણાં જ તેઓ બોલશે. પુત્રો મૂંગા નથી –એ જાણીને ભરતને પ્રસન્નતા થઈ....ને તેઓ શું બોલે છે તે સાંભળવા તેઓ ઉત્સુક બન્યા.



એવામાં એ વૈરાગી રાજપુત્રો એક સાથે ઊભા થયા ને પરમ વિનયપૂર્વક

હાથ જોડીને બોલ્યા–જાણે ચૈતન્યની વીણામાંથી મધુર રણકર છૂટયાઃ અમને હે પ્રભો! મોક્ષના કારણરૂપ એવી મુનિદીક્ષા આપો! અમારું ચિત્ત આ સંસારથી ઉદાસ છે, આ સંસારમાં ને પરભાવમાં ક્યાંય અમને ચેન નથી, અમે અમારા નિજસ્વભાવના મોક્ષસુખનો અનુભવ કરવા ચાહીએ છીએ–માટે અમને રત્નત્રયરૂપ એવી મુનિદીક્ષા આપો....જેથી અમે કેવળજ્ઞાન પ્રગટ કરીને આ ભવબંધનથી છૂટીએ.– ' જીવનમાં પહેલવહેલા જ કુમારો બોલ્યા.....પહેલીજ વાર તે આવું ઉત્તમ બોલ્યા!

વાહ! ભરતચક્રવર્તી અને સભાજનો તો રાજકુમારના શબ્દો સાંભળતા જ સ્તબ્ધ બની ગયા, લાખો –કરોડો દેવો–મનુષ્યોએ તેની પ્રશંસા કરી.....તિર્યંચોનાં ટોળા પણ આશ્ચર્યકારી એ વૈરાગી રાજકુમારોને નીહાળી રહ્યા.

રાજકુમારો તો પોતાના વૈરાગ્યભાવમાં મગ્ન છે. પ્રભુસન્મુખ આજ્ઞા લઈને મુનિ થયા..વચનવિકલ્પ છોડીને પાછા નિજાનંદસ્વરૂપમાં લીન થઈને વચનાતીત આનંદ અનુભવવા લાગ્યા.....અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરી સિદ્ધપદ પામ્યા.

(એ રાજકુમારોનું જીવન આપણને એવો બોધ આપે છે કે રે જીવ! એટલા જ વચન બોલ કે જેમાં તારા આત્મહિતનું પ્રયોજન હોય.....નિષ્પ્રયોજન કોલાહલમાં ન પડ.)

* * * * *

## નિયમસારના મંગલ પ્રારંભ પ્રસંગે – (ફાગણ સુદ બીજ)

ફાગણ સુદ બીજે સીમંધરનાથની પરમ ભક્તિપૂર્ણ પૂજનાદિ બાદ નિયમસાર પરમાગમના પ્રવચનો (ગુજરાતી પર છઠ્ઠીવાર, ને કુલ આઠમી વાર) પ્રારંભ કરતા કહાનગુરુએ કહ્યું; હે પરમાત્મા! આપના જેવા પરમ વીતરાગ સર્વજ્ઞપરમાત્મા અમને મળ્યા, હવે અમારું ચિત્ત બીજા મોહી–અજ્ઞાનીઓને કેમ નમે? આપના પ્રતાપે પરમ વીતરાગી ચૈતન્યસ્વભાવને જાણ્યો ત્યાં હવે બીજા પરભાવોનો આદર હું કેમ કરું?

પ્રભો! ચિદાનંદસ્વભાવની શ્રદ્ધા અને વીતરાગતા વડે આપે મોહનો નાશ કરીને ભવને જીત્યા છે, તેથી આપ જ અમારા પૂજ્ય છો. ભવને જીતનારા ભગવાને ભવથી છૂટવાનો ઉપાય બતાવ્યો. ભવ અને ભવનો ભાવ મારા ચિદાનંદસ્વભાવમાં નથી, એવા સ્વભાવની આરાધના કરનારા ધર્મીજીવ ભવને જીતનારા એવા સર્વજ્ઞ પરમેશ્વર સિવાય બીજાને નમતા નથી. પ્રભો! આપ કેવળજ્ઞાનવડે જગતને પ્રકાશનારા સૂર્ય છો.....આમ સર્વજ્ઞને ઓળખીને સાધકજીવ તેમને જ નમે છે. આમ સર્વજ્ઞસ્વભાવનો આદર કરવો તે મંગળ છે.

# અંતરીક્ષ-પાર્શ્વનાથની સ્તુતિ

**ગતવર્ષે પંચકલ્યાણકમહોત્સવ પ્રસંગે શિરપુર-મહારાષ્ટ્રમાં ફાગણ સુદ બીજે પાર્શ્વનાથપ્રભુના ચરણમાં બેસીને રચાયેલી સ્તુતિ અહીં આપી છે.**

*****

અંતરીક્ષ પ્રભુ આપ જ સાચા દેખી રહ્યા નિજ આતમરામ,
રાગતણું પણ નહીં આલંબન સ્વયં જ્યોતિ છો આનંદધામ;
રત્નત્રય આભૂષણ સાચું, જડ આભૂષણનું નહીં કામ,
ત્રણ લોકના મુગટ સ્વયં છો, શું છે સ્વર્ણમુગટનું કામ?
સિંહાસન ભલે હો નીચે પણ નહીં આપ સિંહાસન પર,
અંતરીક્ષ છો આપ જ સાચા બિરાજો જગકે ઉપર;
વસ્ત્ર–મુગટ નહીં પ્યારા અમને પ્યારા સચ્ચા આતમરામ,
રાજ–મુગટને છોડયા પ્રભુજી! ફિર ચઢાનેકા કયા કામ?
અહો! પ્રભુજી પારસ પ્યારા જ્ઞાની હૃદયમેં તુમરા વાસ,
રાગ–વસ્ત્રમેં વાસ ન તેરા વીતરાગતા તારી ખાસ;
આનંદમંગલ દર્શ તુમારા કલેશતણું જ્યાં છે નહીં કામ;
એવા સાચા દેવ દિગંબર, સમ્યક્ ભાવે હરિ–પ્રણામ.




ગતવર્ષે ફાગણસુદ બીજે આપણે શિરપુર-મહારાષ્ટ્રમાં બિરાજીત
આ અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાન પાસે હતા.

# મારગ જુદા જગતથી સંતના રે લોલ.........

પૂ. ગુરુદેવ સાત દિવસ વીંછીયા પધાર્યા તે દરમિયાન ઘાટકોપરની ભજનમંડળીવાળા રમેશભાઈએ ગાયેલું મધુર હલકભર્યું નીચેનું અધ્યાત્મગીત પૂ. ગુરુદેવની પ્રેરણાથી અહીં આપ્યું છે. – સં.

મારગ સાધુના જગને દોહ્યલા રે બોલ......
દોહ્યલી જોને આતમ કેરી વાત.....ચેતો જીવડા માનવ ભવ દોહ્યલા રે લોલ.....
માનવભવ જગમાં દોહ્યલો રે લોલ.....
દુર્લભ દુર્લભ જૈન અવતાર.....એની સાથે સદ્ગુરુ છાયા દોહ્યલી રે લોલ......
સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ.....
દોડે હાંફી ઝાંઝવાજળની કાજ.....અરેરે! સાચાં વારિ એને ના મળે રે લોલ......
એમ મનના રે મૃગલાને પાછા વાળજો રે લોલ...
જોડી દો આતમસરોવર આજ, એને મળશે આતમસુખ અમુલા રે લોલ......
મિથ્યાત્વમૂળ અંતરે પડયા રે લોલ......
ડાંખળા તોડે વૃક્ષ ન સુકાય....તમે લેજો સમ્યક્ કુહાડી હાથમાં રે લોલ.....
મારગ જુદા જગતથી સંતના રે લોલ.....
જગત સાથ મીંઢવણી નવ થાય.....સંત-પંથ જગપંથથી જુદા જાણજો રે લોલ.....
દર્શન-દોરો રે રાખજો રે સાથમાં રે લોલ...
મોક્ષ-સોય રહેશે બાપુ હાથ...ધરમપંથે દર્શન પહેલું પગથિયું રે લોલ...
પર્વત પર વીજળી જેમ ત્રાટકે રે લોલ......
ખંડ-ખંડ જુદા રે થઈ જાય.......એને સાંધવાને રેણ દેવા દોહ્યલા રે લોલ......
એમ દર્શન સમ્યક્ત્વ જેને થઈ ગયા રે લોલ.....
થયા પૃથક્ પુણ્ય ને વળી પાપ....એને જન્મ-મરણ ફેરા ન સંભવે રે લોલ.....
જ્યમ 'ખો' પીપરતણો ઘાતક બને રે લોલ....
ત્યમ આસ્રવો આ જીવને જણાય....જુદેજુદા અનાદિથી જાણજો રે લોલ.....
'વાઈ' ના વેગે રે એ તો આવતા રે લોલ.....
શુભ ને આ અશુભ ભાવ....એથી જુદો આતમદેવ જાણજો રે લોલ....
ઉપકાર અહો આ 'ત્રણસંત'નો રે લોલ...
આપીરે જેણે આતમ કેરી વાત....... 'કમલ' વંદે ગુરુરાજને ભાવથી રે લોલ........

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૨૮૦૦